કિંમત ₹ ૫

# શ્રી સ્વામિનારાયણ

માસિક

પ્રકાશન દરમાસની ૧૧ તારીખે ● સળંગ અંક ૧૭૧ ● ઓક્ટોબર-૨૦૨૧



## જલઝીલણી એકાદશી

પ્રકાશક:- શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ-૧





અમદાવાદ મંદિરમાં પર્વ નિમિત્તે ૨૦૦ કલાકની અખંડધૂનનો પ્રારંભ કરાવતા
પ.પૂ.મોટા મહારાજશ્રી અને પૂર્ણાહુતિ કરાવતા પ.પૂ.લાલજી મહારાજશ્રી






શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં માં પર્વ નિમિત્તે પ.પૂ.મોટા મહારાજશ્રી તથા
પ.પૂ.આચાર્ય મહારાજશ્રીના સાનિધ્યમાં અખંડધૂન





શ્રી સ્વામિનારાયણ મંદિર ચોરડામાં માં પર્વ નિમિત્તે અખંડધૂન




સંસ્થાપક

પ.પૂ.મોટા મહારાજશ્રી

શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ

નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.

ફોન : ૨૭૪૮૯૫૯૭,૨૭૪૯૯૫૯૭

મો. : ૯૮૭૯૫ ૪૯૫૯૭

www.swaminarayanmuseum.in

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮

શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી

તંત્રી શ્રી

શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી (મહંત સ્વામી)

Mo. : 9313719232

પત્રવ્યવહાર

શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય

શ્રી સ્વામિનારાયણ મંદિર,

કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.

Mo. : 9313706095

magazine@swaminarayan.in

www.swaminarayan.in

એડ્રેસમાં ફેરફાર કરવા

E-mail : manishnvora@yahoo.co.in

લવાજમ

વાર્ષિક : રૂા. ૫૦-૦૦ ● છુટક નકલ રૂા. ૫-૦૦


# શ્રી સ્વામિનારાયણ

## શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર





વર્ષ - ૧૫ (મૂળ વર્ષ ૫૫) ● અંક : ૧૭૧ ● ઓક્ટોબર-૨૦૨૧


## અ નુ ક્ર મ ણિ કા


| | | |
|---|---|---|
| ૦૧. | અસ્મદીયમ્ | ૦૪ |
| ૦૨. | પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ | ૦૫ |
| ૦૩. | સાબરમતી | ૦૬ |
| ૦૪. | પર્વની સાથે સાથે | ૦૯ |
| ૦૫. | અડાલજ | ૧૦ |
| ૦૬. | શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના દ્વારેથી | ૧૨ |
| ૦૭. | ભક્તિસુધા | ૧૭ |
| ૦૮. | સત્સંગ સમાચાર | ૧૯ |


# અસ્મદીયમ્

સત્શાસ્ત્રોમાં નવધા ભક્તિથીના સાધન દ્વારા પ્રાપ્ત સાધ્ય ભક્તિ શરણાગતિ ભક્તિથી પ્રસન્ન થઈને પરબ્રહ્મ પરમાત્મા સાધારણ જીવાત્માને અતિ મોટું જે પદ આત્યન્તિક મોક્ષનું પદ સહજમાં આપી દે છે. તે સાધન ભક્તિના નવ પ્રકારમાં ભગવાનનું સ્મરણ કરવા રૂપ કીર્તન ભક્તિ બીજા જ સ્થાને આવે છે. જેમ શ્રવણ એટલે કે સાંભળવું સૌના માટે અતિ સરળ છે. કારણ કે તેમાં કોઈ જાતની આવડત કળા કે પરિશ્રમની જરૂર પડતી નથી. તેથી તે શ્રવણ ભક્તિનું પ્રથમ સ્થાન છે. ત્યાર પછી કીર્તન ભક્તિ જેમાં થોડો પ્રયાસ કરવો જરૂરી છે. મુખેથી ભગવાનના નામનું ઉચ્ચારણ કરવું આવશ્યક છે. તેમના ગુણોનું વર્ણન કરવું, ચરિત્રોનું વર્ણન કરવું તેમજ તે પરમેશ્વરે પ્રબોધેલા ઉપદેશનું વર્ણન કરવું તે કીર્તન ભક્તિ છે. એવી કીર્તન ભક્તિ પર્વ મહોત્સવના ઉપલક્ષ્યમાં ભગવાન શ્રી નરનારાયણ દેવના સાનિધ્યમાં જ્યારે થાય ત્યારે તો તેનું અનંત ઘણું ફળ આપનારૂં મહાત્મ્ય વધી જાય છે. તા. ૧૮-૦૯-૨૦૨૧ થી ૨૬-૦૯-૨૦૨૧ દિવસ પર્યન્ત અખંડ રાત્રિ દિવસ પડક્ષરી મહામંત્રની ધૂન શ્રીજી મહારાજના પ્રસાદીના વિશાળ સભામંડપમાં હજારો સંત હરિભક્તોએ સાથે મળીને ભાવ વિભોર થઈને કરી ત્યારે જાણે સાક્ષાત્ ભગવાન શ્રી સ્વામિનારાયણ પ્રગટ પ્રમાણ સભામાં બિરાજમાન થયા હોય તેવી અનુભૂતિ શ્રદ્ધાવાન ભક્તોને થઈ જેનું વર્ણન શબ્દોમાં થઈ શકે તેમ નથી. આવી અદ્‌ભુત અનુભૂતિ સદા આપણા હૃદયમાં થતી રહે તેવું ભગવાન શ્રી નરનારાયણદેવના ચરણોમાં પ્રાર્થના કરીએ એજ આપણી પાસે એક માત્ર શ્રેષ્ઠ ઉપાય છે.

**તંત્રીશ્રી (મહંત સ્વામી)**
**શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજીના**
**જયશ્રી સ્વામિનારાયણ**

## પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની

# તવારીખ (સપ્ટેમ્બર-૨૦૨૧)



૫ શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ ખાતે શ્રી સ્વામિનારાયણ મંદિર નારણપુરા દ્વારા આયોજીત ''પર્વ'' મહોત્સવના ઉપલક્ષમાં આયોજીત અખંડ મહામંત્ર ધૂન પ્રસંગે પધરામણી.

૧૭ શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર જલઝીલણી એકાદશીના શ્રી ગણપતિજીના વરઘોડા પ્રસંગે પધરામણી.

૨૪ શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરમાં ''પર્વ'' મહોત્સવના ઉપલક્ષમાં આયોજીત ૨૦૦ કલાકની અખંડ મહામંત્ર ધૂનમાં પધરામણી.



## પ.પૂ. લાલજી મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

**(સપ્ટેમ્બર-૨૦૨૧)**

૨૬ શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરમાં ''પર્વ'' મહોત્સવ પ્રસંગે આયોજીત ૨૦૦ કલાકની મહામંત્ર ધૂનની પૂર્ણાહુતિ પ્રસંગે પધરામણી.



# સાબરમતી

- સાધુ પુરુષોત્તમપ્રકાશદાસ (જેતલપુરધામ)

મહર્ષિ કશ્યપજીએ આબુ પર્વતના જંગલમાં બેસીને જગત કલ્યાણ હેતુ કઠિન દુષ્કર તપસ્યા કરી. દેવાધિદેવ સદાશિવને પ્રસન્ન કરવા હજારો વર્ષ અન્ન, જળ વિના આરાધનામાં સંલગ્ન રહ્યા. તેવામાં શિવ-પાર્વતી આવીને દર્શન આપી કહ્યું હે વિપ્રવર ! તમારું કલ્યાણ થાઓ. તમે મારા થકી મનોવાંચ્છિત વર માંગો.

કશ્યપજીએ નેત્રો ખોલી દેવાધિદેવના દર્શન કરી બે હાથ જોડી કહ્યું. હે જગત્પતિ મહાદેવ ! આપ મને વર આપવા સમર્થ છો. આપના મસ્તક પર જે પરમ પવિત્ર પાપહારિણી ગંગાજી છે તે વિશેષ કૃપા કરીને મને આપો. ત્યારે શિવ-પાર્વતીએ તથાસ્તુ કહ્યું. હે વિપ્ર ! સમસ્ત પાપ-તાપ-રોગ-દોષોના અપહરણ કરનારી ગંગા અહીંથી પ્રગટ થશે. તે સત્યયુગમાં કૃતવતી, ત્રેતામાં ગિરિકર્ણિકા, દ્વાપરમાં ચંદના (દેવ) અને કલિયુગમાં સાબરમતી નામથી પ્રસિધ્ધ થશે. અર્બુદાચળથી સાગરના સંગમ સુધીના બન્ને તટપર બધી જ નદીઓ, તીર્થો, કેદારક્ષેત્ર, પિતૃતીર્થ, પ્રયાગ, માધવ સહિત વટેશ્વર, ગંગા દ્વાર, સર્વ તીર્થમય ગંગાસાગર, સપ્તધારક સતલજ, બ્રહ્મસર, તીર્થ જળથી સભર પવિત્ર કુંડ, નૈમિષારણ્યાદિ ક્ષેત્ર મારા વચનથી સદા સાબર ગંગામાં નિવાસ કરીને રહેશે. સાગરગામિની સાબરમતી પિતૃઓને અતિ પ્રિય તથા શ્રાધ્ધમાં કોટી ગણું ફળ આપનારી. પિણ્ડદાન કરવામાં શ્રેષ્ઠત્તમ, સ્નાનદાન કરનારાને ભુક્તિ અને મુક્તિ પ્રદાન કરનાર. નિલકંઠતીર્થ, રુદ્ર તીર્થ, રુદ્ર મહાલય તીર્થ પરમ પાવીની મંદાકિની આદિ બધા જ તીર્થ અને નદીઓ વ્યક્ત અને અવ્યક્ત રુપે સાબરમતી નદીમાં રહેશે. તથા બ્રહ્મતીર્થ, ધૃતતીર્થ, મિત્રપટ્ટ, વૈજનાથ, ક્ષિપ્રા, મહાકાલ તીર્થ, ગંગાજીથી ઉત્પન્ન હરિદ્વાર આદિ ઔંકારતીર્થ નર્મદા નદી સરિતાઓ ચારેય યુગમાં સાબરમતીમાં રહેશે. બ્રહ્મા આદિ દેવોના સ્થાનક, સપ્તર્ષિમાંના સ્થાનક, ધર્મદેવના સ્થાનક પ્રત્યક્ષરૂપે રહેશે. વળી પિતૃતીર્થ કાવેરી નદી, કપિલાજલ અમરકંટક તીર્થ, વાત્રકી નદીના સંગમ સર્વ અહીં સાબરમતીમાં રહેશે. સાબરમતીનો સંપૂર્ણ મહિમા વર્ણન કરવા બૃહસ્પતિ પણ સમર્થ નથી.

કશ્યપ મારો પ્રિય ભક્ત છે. એટલે મેં પવિત્ર અને પાપનાશીની ગંગા પ્રદાન કરી - હું ભિન્ન ભિન્ન નામોથી સાબરના તટ પર નિવાસ કરીને રહીશ.

આમ કહેતા કહેતા શિવજી મૌન બની ગયા. પાર્વતીજી બોલ્યા; અરે સ્વામી ! સાબરગંગાને તો બહુ બધા વરદાન આપ્યાં. એમ કહી પાર્વતી પરમેશ્વર કૈલાશ પધાર્યા.

કશ્યપજીની તપોભૂમિમાંથી ગંગાજી સાબરમતીના રૂપે પ્રગટ થઈને તેમાં જે જે પવિત્ર નદીઓનો સંગમ થયો તથા જે જે તીર્થ થયા તેમજ ધર્મારણ્ય આદિ ધર્મતીર્થ થયા તેની કથાઓ ખૂબજ વિસ્તાર પૂર્વક ઋષિઓ-રાજાઓના

કથા પ્રસંગ સહિત વેદ વ્યાસજીએ પુરાણોમાં એનો ખૂબજ મહિમા કહ્યો છે. તેમાંના કેટલાક મુખ્ય મુખ્ય સ્થાપકો સંગમનો ઉલ્લેખ કરીએ છીએ.

સાબરમતીની અર્બુદાચલમાં નંદીકુંડ નામે તીર્થમાંથી પ્રગટ થઈને મુનિઓને પ્રિય કપાલ મોચન કુંડ જેમાં દેવ, નાગ, ગન્ધર્વ, કિન્નર આદિ તથા ઋષિમુનિ નિવાસ કરે છે. જે જ્ઞાનદાતા નામથી વિખ્યાત છે. ત્યાંથી પર્વતોથી ટકરાતી ખળખળ અવાજ કરતી વિશાળ કાયા વિસ્તાર ધારણ કરી સાત ધારાઓમાં વહેંચાઈ ગઈ. તેમાં મુખ્ય ધારા સાબર, બીજી શ્વેતા, ત્રીજી બકુલા, ચોથી હિરણ્યમયી, પાંચમી હસ્તમતી, છઠ્ઠી વૈત્રવતી, સાતમી ભદ્રામુખીથી પ્રસિધ્ધ થઈ ત્યારથી સપ્તોસ્ત્રોતા નામે જાણવામાં આવે છે. છુટા પડેલા છ પ્રવાહ આગળ જતાં પુનઃ સાબરમતીમાં સંગમ થતો ગયો.

ત્યાર પછી શ્વેતોદભવ નામે તીર્થ આવેલ છે. ત્યાં મહાકાલેશ્વરનાં દર્શન કરનારને સદ્‌લોકની પ્રાપ્તિ થાય છે.

તદન્તર ગણતીર્થ ચન્દ્રના સંગમના તટ પર વિદ્યમાન છે. અહીં હરમાસની પૂર્ણિમાએ શિવગણો સ્નાન કરવા આવતા હોય. ત્યાંથી બકુલેશ્વર તીર્થ ગણેશના સ્થાનકમાં પૂજન કરવાથી રિધ્ધિ-સિધ્ધિ મળે છે. ત્યાંથી પાલેશ્વર તીર્થમાં ચંડીદેવી યોગમાયાઓની પીઠમાં માતાઓ પ્રતિષ્ઠિત છે. ત્યાંથી પછી સાબરમતીના કિનારે મહર્ષિ કશ્યપ-વશિષ્ઠ-વામદેવ - ગૌતમ - મૈત્રેય - ધર્મદેવ તથા દધિચીએ તપસ્યા કરેલી છે. તેમાં ધર્મદેવ અને દધિચીની તપસ્યાની ત્રિલોકીમાં પ્રસંશા થઈ રહી છે. સાબરમતી નામ નદીના બન્ને કિનારા ઉપર સાબર એટલે હરણાં બહુ રહેતા હતાં તેથી તેનું નામ સાબરમતી પડ્યું તથા અભ્રપતી એટલે કે આકાશ ગંગા તરીકે અવતરણ થયું એટલે અભ્રપતી નામનો કાળાન્તરે સાબરમતી નામ થયું. સાબરમતીની લંબાઈ ૩૭૧ ત્રણસો એકોતર કિલોમીટર છે. કશ્યપ આદિ મુખ્ય સપ્તર્ષિઓના સાબરમતીના તટ તપસ્યા સ્થાન આશ્રમ આવેલા છે.

આદિ સત્યયુગ સમયમાં સાબરગંગાના કિનારે ધર્મ-મૂર્તિએ દેવોના બાર હજાર વર્ષ પર્યન્ત તપસ્યા કરી હતી તેની વિસ્તારથી કથા અગાઉના ધર્મારણ્યના લેખમાં જણાવેલ છે. આજે અમદાવાદ શહેર જેને શાસ્ત્રોમાં શ્રીપુર અથવા કર્ણાવતી નામથી ઓળખાય છે. શ્રીમદ્ પદ્મપુરાણમાં સાબરમતીના ઉદગમથી લઈને તેના કિનારે આવેલા ઋષિઓના આશ્રમની બહુ વિસ્તૃત જાણકારી ભગવાન વ્યાસજીએ કહી છે.

સાબરમતીનો મહિમા ભગવાન સદાશિવ પાર્વતીજીને વર્ણન કરતા કહે છે કે, હિરણ્ય સંગમની પાસે ધર્મતીર્થ જ્યાં સાબમરતીની સાથે ધર્માવતી નદીનો સંગમ થાય છે ત્યાં સ્નાન કરનાર મનુષ્ય ધન્ય થઈ જાય છે. અને નિશ્ચયથી મુક્તિ અને ભક્તિને પ્રાપ્ત કરે છે. ત્યાં ધર્મદેવ થકી સ્થાપિત તીર્થના દર્શન કરનાર પુણ્યનો ભોક્તા બને છે. ત્યાં જે કોઈ શ્રાધ્ધ કર્મ કરે તે પિતૃઋણમાંથી મુક્ત બને છે. તથા રોગ શોક રહિત બનીને વિષ્ણુધામને પ્રાપ્ત કરે છે. ત્યાં વનસ્પતિ એટલે કે ધર્મારણ્ય ક્ષેત્ર જ્યાં ભગવાન નરનારાયણે કઠિન તપસ્યા કરી હતી. જ્યાં પિતા ધર્મદેવ માતા મૂર્તિ દેવીએ તપ કર્યું ત્યાં જ પુત્ર સાથે પરમાત્માએ તપસ્યા કરી હતી. ધર્મારણ્ય ક્ષેત્ર જ્યાં ભગવાન શ્રી નરનારાયણ પ્રગટ થયા તે તીર્થને આજે નારાયણઘાટ તીર્થ તરીકે પ્રસિધ્ધ થયેલ છે. સાબરમતીના દક્ષિણ કિનારે આવેલ આ તીર્થને આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજે તીર્થની રક્ષાને અર્થ કષ્ટભંજન દેવની સ્થાપના કરી છે. તથા ત્યાં પ.પૂ. મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી સદ્‌ગુરુ ગવૈયા સ્વામી કેશવજીવનદાસજીએ ભવ્ય પાંચ શિખરનું મંદિર કર્યું છે. નારાયણઘાટના આરે શ્રી નરનારાયણદેવ ગાદીના અક્ષરનિવાસી પૂર્વ આચાર્યોના સ્મૃતિ સ્થાન બનાવેલ છે. આચાર્ય પરંપરાના અંતિમ સ્મૃતિઓ સંપ્રદાયમાં માત્ર નારાયણઘાટમાં જ દર્શન કરવા મળે છે. આ સ્મૃતિને તીર્થનાં દર્શન કરનારને પરંપરામાં દર્શનની સાથે સાથે ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનની અતિ કૃપાનો અધિકારી બને છે. તેમજ તેની સર્વ મનોકામના ભગવાન પૂર્ણ કરે છે.

શ્રીજી મહારાજે સ્વમુખે સાબરમતીનો નારાયણઘાટનો મહિમા કહ્યો છે. સત્સંગિજીવન તથા સત્સંગિભૂષણમાં તેનું વિસ્તારથી વર્ણન કરવામાં આવેલ છે.

સાબરમતીના કિનારે આશરે ૯૯૯ નવસોને નવાણું તીર્થો આવેલા છે. તે તીર્થોનો પદ્મપુરાણમાં મહિમા કહ્યો છે. તેમાંનાં કેટલાક તીર્થ સ્થાન જે મધુરા તીર્થ, કમ્બુતીર્થ, કપિશ્વર તીર્થ, સપ્તધાર, દેવેશ્વર, બ્રહ્મવલ્લી, વૃષ તીર્થ, ખંડ તીર્થ, અંગમેશ્વર તીર્થ, રુદ્રમહાલય તીર્થ, ખડ્ગ તીર્થ, ચિત્રાહવદન તીર્થ, ચંદ્રેશ્વર તીર્થ, જમ્બુ તીર્થ, ધવલેશ્વર તીર્થ, બાલાર્ક તીર્થ, દુગ્ધેશ્વર તીર્થ જે દુધેશ્વર તરીકે ઓળખાય છે. ત્યાં દધિચી ઋષિએ તપસ્યા કરી તથા દેવોને દેહના અસ્થિનું દાન કર્યું ત્યાં ચંદ્રભાગા નદીનો સંગમ થાય છે ત્યાં ચંદ્રેશ્વર મહાદેવ બિરાજમાન હતા. અહીં ચંદ્રદેવે દીર્ઘકાળ પર્યન્ત તપ કર્યું હતું. વળી નિબાંર્ક તીર્થ આવેલું છે. સિધ્ધ ક્ષેત્ર, સોમતીર્થ, ગૌતીર્થ, કુશેશ્વરતીર્થ, વૈદ્યનાથતીર્થ, અગ્નિપાલેશ્વરતીર્થ, વિકીર્ણતીર્થ, શ્વેતોદ્ભવતીર્થ, ગણતીર્થ, બકુલ નદીના સ્તંભ પર આવેલ બકુલેશ્વર તીર્થ અહી ગણપતિજીએ કઠિન તપ કરીને ગણાધિપતિનું પદ મેળવ્યું હતું. કપાલકુણ્ડ તીર્થ, આદિ અનેકાનેક તીર્થોથી ઉત્તર અને દક્ષિણના કિનારાઓમાં એકની પાસે એક એમ સંગમ તીર્થો આવેલા છે. તેમાંના માત્ર કેટલાક અંશ રુપે પદ્મપુરાણના આધારે વર્ણન કર્યું છે.

આપણા ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાને સાબરમતી નદીના કિનારે ધર્મારણ્ય ક્ષેત્રમાં આદિ સત્યયુગમાં ધર્મપિતા ભક્તિ માતા થકી (નારાયણઘાટ તીર્થ) પાદુર્ભાવ થયા એટલે સાબરગંગાનો મહિમા વધ્યો અને પૂર્વે ભગવાન ભોળાનાથે મહર્ષિ કશ્યપજીને પણ વરદાન આપ્યું હતું કે સાબરગંગાના તટ પર પરાત્પર પરબ્રહ્મ પૂર્ણ પુરુષોત્તમનો યુગલ સ્વરુપ નરનારાયણ નામે અવતાર થશે. તે વાત સત્ય થઈ. આગામી શ્રી નરનારાયણ ભગવાનનો પર્વ ઉત્સવ આવી રહ્યો છે. તો તે નિમિત્તે નારાયણઘાટ તીર્થમાં શ્રી નરનારાયણ ભગવાનનાં ધર્મપિતા ભક્તિ માતાના તથા ધર્મકુળનાં પૂર્વ આચાર્યોની સ્મૃતિ સ્થાનનાં દર્શન અવશ્ય કરવા.

### નીચેના મંદિરોમાં નવા મહંત સ્વામીની નિયુક્તિ

**સુરેન્દ્રનગર** : શ્રી સ્વામિનારાયણ મંદિરના નવા મહંત સ્વામી સ.ગુ. સ્વામી બ્રહ્મવિહારીદાસજી ગુરુ સ.ગુ. સ્વામી ઉત્તમપ્રિયદાસજી (મૂળી મંદિર).

**અંજલી-વાસણા** : શ્રી સ્વામિનારાયણ મંદિરના નવા મહંત સ્વામી સ.ગુ. શા. સ્વામી સત્યપ્રકાશદાસજી ગુરુ સ.ગુ. સ્વામી સૂર્યપ્રકાશદાસજી (મૂળી મંદિર).

### દીપોત્સવી કાર્યક્રમ

**ચોપડા ખરીદવા માટે** : આસો વદ-૭ ને ગુરુવાર તા. ૨૮-૧૦-૨૦૨૧ ના રોજ પુષ્ય નક્ષત્ર હોવાથી ચોપડા ખરીદવા મુહૂર્ત સારું છે.

**ધનતેરશ** : આસો વદ-૧૨ મંગળવાર તા. ૦૨-૧૧-૨૦૨૧ બારસ ૧૧-૩૦ સુધી છે, ધનતેરશ, મહાલક્ષ્મીપૂજન.

**કાળી ચૌદશ** : આસો વદ-૧૩/૧૪ બુધવાર તા. ૦૩-૧૧-૨૦૨૧ સવારે ૯-૦૦ કલાક સુધી લક્ષ્મી પૂજન થશે. ત્યાર બાદ કાળી ચૌદશ કાલુપુર મંદિર શ્રી હનુમાનજી મહારાજનું પૂજન સાંજે ૭-૦૦ કલાકે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે થશે.

**દિવાળી** : આસો વદ-૩૦ ગુરુવાર તા. ૦૪-૧૧-૨૦૨૧ **સમૂહ શારદા પૂજન-ચોપડા પૂજન** સાંજે ૭-૦૦ કલાકે અમદાવાદ કાલુપુર મંદિરના સભા મંડપમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે વિધિવત રીતે સંપન્ન થશે.

**નૂતનવર્ષ-અન્નકૂટોત્સવ** : કારતક સુદ-૧ શુક્રવાર તા. ૦૫-૧૧-૨૦૨૧.

**મંગળા આરતી : સવારે : ૫-૦૦ કલાકે**

**શણગાર આરતી : સવારે : ૬-૩૦ કલાકે**

**ગોવર્ધન પૂજા : સવારે : ૮-૦૦ કલાકે**

**રાજભોગ આરતી : સવારે : ૧૨-૦૦ કલાકે**

**અન્નકૂટ દર્શન : બપોરે : ૧૨-૦૦ થી ૩-૩૦ સુધી**

શ્રીહરિના ૬ઠ્ઠા, ૭ માં અને ૮ માં વંશજના વરદ્ હસ્તે થશે.

નૂતન વર્ષના પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી કાલુપુર મંદિરમાં પોતાની બેઠકમાં સૌ ભક્તજનોને દર્શન આપશે.

સૂચના : સમૂહ શારદા પૂજનમાં લાભ લેનાર ભક્તોએ પોતાના ૨ ચોપડા લાલ કલરના કપડામાં સરનામું, ફોન, મોબાઈલ નંબર લખીને કોઠાર ઓફિસમાં રૂા. ૪૦૦/- ભરીને પહોંચ અને નંબર મેળવી લેવો.

(શ્રી કમલેશભાઈ ગોર)

### શ્રી નરનારાયણદેવ ધજાના યજમાન

રૂા. ૧૧૦૦૦/- પ.ભ. મિતેષકુમાર રાજાણી - શ્રીનગર કલોલ

રૂા. ૧૧૦૦૦/- પ.ભ. શાંતિલાલ ગોપાલભાઈ દબાસીયા - માનકુવા (કચ્છ)

# પર્વ ની સાથે સાથે

- અતુલ પોથીવાલા (અમદાવાદ)

શ્રીહરિ અયોધ્યાથી ઘરનો ત્યાગ કરીને વનવિચરણ દરમ્યાન નીલકંઠવર્ણી રૂપે અનેક તીર્થો, વનો, પર્વતો, નદીઓને પાવન કરતા થકા વિ.સં. ૧૮૫૫ (ઈ.સ. ૧૮૦૦) ના અરસામાં સૌ પ્રથમવાર શ્રીનગર કહેતાં અમદાવાદ પધાર્યા હતા.

નીલકંઠવર્ણી કાંકરિયા સરોવરની પાળે ઉતર્યા એ વખતે કાંકરિયા સરોવરની શોભા અદ્ભુત હતી. સરોવરમાં સ્નાન કરી પૂર્વ તરફના ગરનાળા ઉપર બેસી પોતાનો નિત્યવિધિ કરવા લાગ્યા. ત્યાં શહેરમાં ખબર પડી કે કાંકરિયા તળાવે એક મહા તપસ્વી અને ચમત્કારી બાળયોગી આવ્યા છે તેથી શહેરના ધર્મપ્રેમી અને ભાવિક ભક્તજનો શ્રીવર્ણીના દર્શન કરવા આવવા લાગ્યા. સર્વે જનો શ્રીહરિની સન્મુખ નમસ્કાર કરી હાથ જોડીને બેઠા. શ્રી નીલકંઠવર્ણીએ તેમને ધર્મનો તથા મોક્ષનો ઉપદેશ આપ્યો જેથી દર્શને આવેલા સર્વ મુમુક્ષુઓના મનમાં શાંતિ થઈ ! પછી તો જેમ જેમ શહેરમાં ખબર પડતી ગઈ તેમ તેમ અનેક માણસો દર્શન કરવા આવવા લાગ્યા. શ્રીહરિ ઉપદેશથી તે તમામને સંતોષ પમાડતા અને ક્યારેક ચમત્કારો પણ બતાવતા તેથી ઘણા લોકો શ્રીહરિ તરફ આકર્ષાયા. ભાવિકજનો અનેક પ્રકારનાં મેવા મીઠાઈઓ, સાકર, શ્રીફળ વગેરે ભેટો લાવે અને શ્રીહરિ સન્મુખ ધરાવતાં. તેમાંથી થોડાંક ફળ સુધારી દેવને ધરાવી પોતે જમે તે સિવાય બાકીની વસ્તુઓને પ્રસાદીની કરીને વહેંચાવી દેતા. શ્રી નીલકંઠવર્ણીની આવી નિઃસ્પૃહિતા નિહાળીને શહેરીજનો અચંબો પામી ગયા.

તે દરમ્યાન અમદાવાદમાં વસતાં રામાનંદ સ્વામીના શિષ્યો પણ બધાની સાથે શ્રીહરિના દર્શનાર્થે આવ્યા. શ્રીહરિનાં દર્શન માત્રથી જ તેમનાં મનની વૃત્તિઓ શ્રી નીલકંઠવર્ણીના સ્વરૂપમાં અનાયાસે જ ખેંચાઈ ! રામાનંદ સ્વામી વિના બીજે ક્યાંય આપણા મનની વૃત્તિ ચોંટે નહિ અને આ બ્રહ્મચારીમાં ચોંટી માટે જરૂર આ વર્ણી કોઈ મોટા સમર્થ યોગી છે, જેટલા દિવસ રોકાયા એટલા દિવસ  દરરોજ કાંકરિયામાં નિત્યે સ્નાન કરે અને નાની ધર્મસભા યોજે. ક્યારેક શહેરથી ઉત્તર તરફ શાહીમહેલ પાસેના સાબરમતી નદીના આરે જઈને સ્નાન કરતા અને લોકોને કહેતા કે,

''આદિ સત્યુગમાં આ જગ્યાએ નદીના કિનારે ધર્મદેવનો આશ્રમ હતો, અહીં ધર્મદેવ અને મૂર્તિદેવીએ હજારો વર્ષ સુધી તપ કરી ભગવાનને પ્રસન્ન કરેલા અને તેથી તેમના બન્ને થકી નર, નારાયણ, હરિ અને કૃષ્ણ આ ચાર સ્વરૂપે અહીંથી જ પ્રગટ થયા હતા. તેથી આ સાબરગંગા અને તેનો આ ઘાટ-અતિ પ્રાચીન અને મહાપવિત્ર તીર્થ ક્ષેત્ર છે. અને શ્રી નારાયણ પ્રગટ્યા ત્યારથી આ કિનારાનું નામ ''નારાયણઘાટ'' કહેવાય છે.

આજથી ૨૦૦ વર્ષ પૂર્વે શ્રી સહજાનંદ સ્વામી મહારાજે, શ્રીનગરના નારાયણઘાટે પ્રગટેલા અને બદ્રિકાશ્રમમાં ભક્તજનો માટે જ બોરડીના વૃક્ષ હેઠળ તપ કરી રહેલા શ્રીનર અને શ્રી નારાયણને અમદાવાદ મધ્યે શ્રી સ્વામિનારાયણ મંદિરમાં સ્વહસ્તે નીજ સામર્થીનું પ્રદાન કરીને પધરાવ્યાં છે. શ્રી નરનારાયણદેવ સ્થાપનાને બસો વર્ષ પરિપૂર્ણ થાય છે. ત્યારે એના અનુલક્ષમાં ''પર્વ'' ઉત્સવ હવે હાથવેંતમાં જ છે અને અમદાવાદને અઆંગણે દસ્તક મારી રહ્યો છે. મંદિર-મંદિરથી પદયાત્રાઓ, અખંડધૂનો, નિત્ય કથાઓ, અવિરત પણે ચાલી રહ્યાં છે.

''પર્વ''નું કારણ ભલે સુક્ષ્મ છે પરંતુ તેના હેતુરૂપ કાર્ય-અતિ વિશાળ છે અને કેમ ના હોય ? સ્વયં શ્રી સ્વામિનારાયણ ભગવાન જ શ્રી નરનારાયણ સ્વરૂપે અખંડ બિરાજી રહ્યાં છે.

''નિરાહારી પ્રાણીઓના વિષયો તો નિવૃત્ત થાય છે પરંતુ એ વિષયો તરફનો તેનો રસ (વાસના) દૂર થતો નથી એ રસ તો સર્વ રસોના પરમરસ એવા પરમાત્માનાં દર્શન માત્રથી નિવૃત્ત થાય છે.'' શ્રીમદ્ ભગવદ્ગીતા અધ્યાય-૨ (૫૯)''


શ્રી નરનારાયણ મહાપ્રભુનું દર્શન જ એટલું અદ્ભુત હોય છે કે હૃદયમાં ઉછાળા મારતાં સર્વે સંકલ્પો અનાયાસે જ નિવૃત થઈ જાય છે ! આવા અદ્ભુત મહિમાવંત શ્રી નરનારાયણ ભગવાનના મહોત્સવને સ્નેહપૂર્વક આવકારીએ.


## અમદાવાદ શહેર નજીક શ્રી સ્વામિનારાયણ ભગવાનના પ્રસાદીના ગામો

# અડાલજ

- સંકલન : પ્રફુલ ખરસાણી

અમદાવાદથી કલોલ એસ.ટી. બસ જાય છે.
તે દ્વારા અડાલજ જવાય છે.
અમદાવાદ થી બાયરોડ ૩૪ મિનિટ
અમદાવાદ એર પોર્ટથી ૨૨ મિનિટ





અડાલજ બસ સ્ટેશન (રોડ)થી અડાલજ ગામ લગભગ ૧/૨ કિ.મી. દૂર છે. આ ગામ તા. જી. ગાંધીનગરમાં આવેલ છે. અહીં હરિ મંદિર છે. મંદિર પૂર્વ દ્વારનું છે. અહીં સહજાનંદ સ્વામીની પટ મૂર્તિ પધરાવેલી છે.

અહીં શ્રીહરિ ઘણી વખત પધારેલા છે. તેમજ અહીં વાવ પ્રસાદીની છે. તેમાં શ્રીહરિએ પાંચસો પરમહંસ સહિત સ્નાન કરેલ છે. ગામથી પશ્ચિમ દિશામાં હનુમાનજી પ્રસાદીના છે.

આ ગામની ભૂમિને શ્રીહરિએ પોતાની ચરણ રજ વડે અત્યંત પવિત્ર કરેલ છે. શ્રીહરિએ આ ગામમાં પધારી પાંચસો પરમહંસ સહિત સ્નાન કરી અડાલજની વાવનો મહિમા ઘણો જ વધાર્યો છે. શ્રીહરિ જ્યારે દંઢાવ્ય દેશમાં વિચરણ કરતા ત્યારે ઓળા જતાં આવતાં આ ગામમાં વારંવાર પધારતા હતા.

શ્રીહરિએ અડાલજમાં પધારી અડાલજની વાવમાં સ્નાન કરી વાવનો મહિમા વધાર્યો તે પ્રસંગ ''શ્રી ઘનશ્યામ લીલામૃત સાગર'' ગ્રંથના ઉ. તરંગ ૪૮માં નીચે પ્રમાણે વર્ણવેલ છે.

**ચોપાઇ રાગ :**

**જમી ત્યાંથી કર્યું વિચરણ, અડાલજે અશરણ શરણ ॥**
**ત્યાંની વાવ જોઇ અભિરામ, રાજી થયા દેખી રૂડું કામ ॥૭॥**
**લેખ લખ્યો છે પથ્થરમાય, વિચારીને વાંચી જોયો ત્યાંય ॥**
**વાવ્યકરનો જેહ શુધ્ધ ભાવ, જાણી બોલ્યા નટવર નાવ ॥૮॥**
**જેણે કર્યું હંમેશાં આમાં કામ, તે સર્વે પામશે મોક્ષ ધામ ॥**
**એમ કૈને કર્યું છે ત્યાં સ્નાન, નિજ પાર્ષદ સાથે તે સ્થાન ॥૯॥**
**પ્રેમ વડે કર્યું જલપાન ॥ વિચર્યા ત્યાં થકી ભગવાન ॥**
**શ્રીનગર પો ય્યા સુંદર શ્યામ ॥ ચોક્સી હિરાચંદને ધામ ॥૧૦॥**

આ પ્રમાણે વાવમાં સ્નાન કરી અતિ રાજી થઈને વાવમાં લખેલ લેખ વાંચીને વાવનું કામ કરનાર દરેકને પોતાના અક્ષરધામનું સુખ આપ્યું.

**અડાલજમાં શ્રીહરિ :-**

**શ્રીહરિએ કહેલો વિસ્તારથી વાવનો મહિમા.**

શ્રીહરિ ઉનાવાથી માર્ગમાં ચાલતા અડાલજ ગામની સમીપમાં વાવ આગળ પધાર્યા. કોઈ ધનાઢ્ય સ્ત્રીએ લાખો રૂપિયાના ખર્ચથી પોતાની મુક્તિ માટે કરાવેલી, ઘણા માળ વાળી, સુંદર ચિત્રોથી



શોભતી, વિવિધ પ્રકારના સુંદર પગથીયાથી શોભાયમાન, અને તેથી મનોહર, વિવિધ પ્રકારનાં વૃક્ષોથી યુક્ત સુંદર શોભતી, મીઠા જળવાળી અનેક પ્રકારના પક્ષીઓના મધુર ધ્વનિથી યુક્ત તે વાવ હતી.

ત્યાં શ્રીહરિ ઘોડી ઉપરથી ઉતર્યા. અને તે વાવને તીર્થરૂપ કરવા પોતાના આશ્રિતો સાથે વાવમાં શોભાયમાન પગથીયા રૂપી સુંદર માર્ગથી પ્રવેશ કર્યો. શ્રીહરિએ બન્ને ચરણો તથા હાથ તે વાવમાં ધોયા. અને પછી મુકુંન્દાનંદવર્ણીએ સુંદર પાત્રમાં ગાળીને આપેલું વાવનું અત્યંત મીઠું જળ પીધું. પછી શ્રીહરિ પોતાના આશ્રિતોની સાથે વાવમાંથી બહાર પધાર્યા ત્યાં શ્રીહરિએ વસ્ત્રો પરિધાન કરતી વેળાએ એક રમૂજલીલા કરી હતી કે પોતાની સૂરવાલના એકજ પાયજામામાં પોતાના બન્ને પગ નાંખીં સૂરવાલ ધારણ કરતા સૂરવાલ આવતી નહોતી. ત્યાં હાજર સૌ સંતો હરિભક્તોએ એ રમૂજ માણી હતી.ત્યારબાદ પોતાના આશ્રિત ભક્તોની સાથે શ્રીહરિ વાવની સમીપમાં રાત્રિ રહ્યા. ગામમાંથી ઘણાજનો શ્રીહરિનાં દર્શન કરવા માટે શ્રીહરિના નિવાસ સ્થાનમાં આવ્યા. તે ભક્તો મનોહર આસન ઉપર બિરાજેલા સાધુઓના મંડળમાં શોભતા શ્રીહરિના દર્શન કરીને અત્યંત આનંદ પામીને સભામાં બેઠા. પછી શ્રીહરિએ તેમની આગળ કલ્યાણ સંબંધી ઘણી વાર્તા કરી. શ્રીહરિએ કરેલી ધર્મ સંબંધી કલ્યાણકારી વાર્તા સાંભળીને તે જનો અતિ વિસ્મય પામ્યા. પછી ઘણાજનોએ શ્રીહરિને પરમેશ્વર જાણીને શ્રીહરિ પાસેથી નિયમો ધારણ કરી શ્રીહરિનો દૃઢ આશ્રય કર્યો. પછી તે જનોએ શ્રીહરિની તેમના આશ્રિતો સાથે યોગ્યતા પ્રમાણે સેવા કરી. શ્રીહરિ ત્યાં રાત્રી રહીને સવારમાં પોતાના આશ્રિતોની સાથે ચાલ્યા. શ્રીહરિ પોતાના ઉત્તમ અશ્વ ઉપર વિરાજમાન થયા, અને ઉતાવળી ગતિથી ચાલતા, અશ્વને માર્ગમાં વિચિત્ર ગતિથી ચલાવતા તથા પોતાના ભક્તોને આનંદ આપતા સતા ત્યાંથી મોટેરા ગામમાં પધાર્યા.

શ્રીહરિએ વાવ બંધાવનારનો સત્સંગમાં જન્મ આપ્યો.

એક સમયે શ્રીજી મહારાજ અડાલજ પધાર્યા હતા. અને વાવ પાસે ઉતર્યા હતા. અને સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામીએ વાવમાં જઇને શીલા લેખ વાંચ્યો. તેમાં લખેલ જે આ વાવ મેં જે કરાવી છે તે મેં મારા પૈસાની છત્ય દેખાડવા સારૂ તથા વખાણ થાવા સારૂં કરાવી નથી પણ આમાં કોઇક મોટા પુરૂષ આવીને નહાય તથા જલપાન કરે તો મારૂં કલ્યાણ થાય એટલા સારૂં કરાવી છે. અને બીજો ખરચ તો હું લખી શકતી નથી પણ ગાડાના ઉંગામણાના એરંડીયાના લાખ રૂપિયા થયા છે. તે લેખ વાંચીને સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામીએ શ્રીજી મહારાજને વાત કરી જે હે મહારાજ આ વાવમાં તો આવી રીતનો લેખ છે. પછી મહારાજે સૌ સંતોને આજ્ઞા કરી જે તમો નહાવો અને પોતે પણ નહાય. અને ત્યાં સૌ એ ભાતાં ખાધાં અને જળ પણ તે વાવનું પીધું. પછી મહારાજ બોલ્યા જે આ વાવ બંધાવનાર સ્ત્રી પુરૂષ સત્સંગમાં જન્મ લેશે. વળી એ વાવના નિર્માણ કાર્યમાં જે જે ઉપયોગમાં આવ્યા હશે તેવા ઘણા પ્રાણીઓનું પણ કલ્યાણ થશે.તે બાઇએ પેટલાદ પાસે ધર્મેજ ગામ છે ત્યાં ગરાસીયાને ઘરે જન્મ લીધો અને કુંશળ કુંવરબાઇ કરીને થયા અને તેમના પતિ હતા તે સુંદરીયાણાના હેમરાજશા કરીને વાણીયા થયા.

આ પ્રમાણે શ્રીહરિએ અડાલજમાં પાંચસો પરમહંસ સહિત પધારી સુપ્રસિધ્ધ વાવને પણ અત્યંત પ્રભાવશાળી કરી છે. હાલ આ ઐતિહાસિક વાવ જોવાલાયક સ્થળ તરીકે ખૂબ વિકાસ પામી છે.

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ

# શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનાં દ્વારેથી....

## મ્યુઝિયમમાં લક્ષ્મી પૂજન તથા હનુમાનજી પૂજન

તા. ૩-૧૧-૨૦૨૧ બુધવારે સવારે નવ વાગ્યા સુધી ધન તેરસ અને ત્યાર બાદ કાળી ચૌદશ હોવાથી આપણા મ્યુઝિયમમાં સવારે ૯-૦૦ કલાકે પ.પૂ.મોટા મહારાજશ્રીના વરદ્ હસ્તે ધન પૂજન કરવામાં આવશે અને દર વર્ષની જેમ તે પૂજન કરેલ સિક્કા મ્યુઝિયમમાંથી ઉપલબ્ધ કરાશે. (અગાઉથી બુકીંગ કરાવવું)

ત્યારબાદ મ્યુઝિયમમાં આવેલ પ્રસાદીના હનુમાનજીનું પણ પ.પૂ. મોટા મહારાજશ્રી દ્વારા પૂજન કરવામાં આવશે. જેનો લાભ સૌ હરિભક્તોને મળશે.

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં નોંધાયેલ મહાપૂજાની યાદી - સપ્ટેમ્બર-૨૦૨૧

| | |
|---|---|
| તા. ૦૧-૦૯-૨૦૨૧ | પ.ભ. અલ્કાબેન જીતેન્દ્રભાઈ પટેલ - બાપુનગર - હ. રોહન - દાસભાઈ |
| તા. ૦૨-૦૯-૨૦૨૧ | (સવારે) પ.ભ. નવનીતભાઈ જયંતિભાઈ પટેલ - બાપુનગર - હ. કૃપાલ - દાસભાઈ<br>(બપોરે) પ.ભ. બિજલબેન પંકજકુમાર પટેલ - ન્યુજર્સી (કરજીસણવાળા) |
| તા. ૦૪-૦૯-૨૦૨૧ | પ.ભ. રણછોડદાસ પ્રહલાદદાસ પટેલ - ન્યુ રાણીપ - હ. ગોમતીબેન પટેલ (રાજપુરવાળા) |
| તા. ૦૫-૦૯-૨૦૨૧ | (સવારે) પ.ભ. સોની અમૃતલાલ હરિલાલ પરિવાર - લીંબડી - હ. દિલીપભાઈ તથા મહેન્દ્રભાઈ<br>(બપોરે) સત્સંગ સમાજ સ્વામિનારાયણ મંદિર હિંમતનગર - પ્રેરક મહંત સ્વામી. |
| તા. ૦૮-૦૯-૨૦૨૧ | પ.ભ. અ.નિ. ગોકળદાસ નારણદાસ પટેલ - દેઉસણાવાળા - પ્રેરક પ.ભ. ઉદયનભાઈ એ. મહારાજા |
| તા. ૨૬-૦૯-૨૦૨૧ | પ.ભ. માલીબેન તીર્થકુમાર પટેલ - અમેરિકા - હ. પરેશભાઈ પટેલ |

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ ભેટની યાદી - સપ્ટેમ્બર-૨૦૨૧

| | |
|---|---|
| રૂા. ૧,૦૦,૦૦૦/- | શ્રીમતી ચંપાબેન હરિભાઈ મારૂ |
| રૂા. ૫૧,૦૦૦/- | પ.ભ. સોની ચુનીલાલભાઈ દુર્લભજી પરિવાર - હ. જયેન્દ્રભાઈ સોની - રાણીપ |
| રૂા. ૫૦,૦૦૦/- | પ.ભ. પંકજભાઈ પટેલ, ધર્મિષ્ઠાબેન પટેલ, અર્પિતભાઈ પટેલ. |

**શુભ પ્રસંગે ભેટ આપવા માટે અથવા પોતાના અંગત સંગ્રહ માટે શ્રી નરનારાયણદેવની પ્રતિમાવાળા ૫/૧૦/૨૦ ગ્રામ ચાંદીના સિક્કા મ્યુઝિયમમાં મળશે.**

**સૂચના : શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં દર પૂનમે પ.પૂ. મોટા મહારાજશ્રી સવારે ૧૧-૩૦ કલાકે આરતી ઉતારશે.**

સંપ્રદાયમાં એક માત્ર વ્યવસ્થા શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં મહાપૂજા / મહાભિષેક નોંધાવવા સંપર્ક કરો.

મ્યુઝિયમ મોબાઈલઃ- ૯૮૭૯૫૪૯૫૯૭, પ.ભ. પરષોત્તમભાઈ - દાસભાઈ (બાપુનગર) : ૯૯૨૫૦૪૨૬૮૬

www.swaminarayanmuseum.org/com • email: swaminarayanmuseum@gmail.com






॥ शुभ निमंत्रण ॥

[illegible] [illegible] [illegible] [illegible], [illegible] [illegible] आणि वैभव।
[illegible] [illegible] [illegible] [illegible] देव [illegible]॥



|| श्री गणेशाय नमः ||

|| श्री नरनारायणाय नमः ||



श्रीमान

आपको सुचित करते हुए अपार हर्ष हो रहा है कि परम कृपालु परमात्मा श्री नरनारायण भगवान की असीम अनुकंपा से श्री स्वामिनारायण  मंदिर अहमदावाद संस्थान श्री नरनारायणदेव पीठाधिपति प.पू.ध.धु. आचार्य १००८ श्री कोशलेन्द्रप्रसादजी महाराजश्री एवम् सौभाग्यवती गादीवालाश्री के सुपुत्र एवम् प.पू. तेजेन्द्रप्रसादणी देवेन्द्रप्रसादणी एवम् सौभाग्यवती मातुश्री के पौत्र एवम् आयुष्मती श्रीराधाश्री के अग्रजभ्राता भावि आचार्य श्री व्रजेन्द्रप्रसादणी महाराज का शुभ विवाह प्रतापगढ उत्तरप्रदेश निवासी श्री राकेशमोहनणी दयाशंकर उपाध्याय की आयुष्मती सुपुत्री के साथ वि.सं. २०७७ कार्तिक कृष्ण प्रतिपदा दिनांक – २०/११/२०२१ शनिवार के दिन सुनिश्चित हुआ है।

इस मंगलमय शुभ अवसर पर आप उपस्थित होकर शोभा में अभिवृध्धि करे।

निमंत्रक

प.पू.ध.धु.आचार्य १००८ श्री कोशलेन्द्रप्रसादणी तेजेन्द्रप्रसादणी महाराजश्री की आज्ञा से

शास्त्री वासुदेव डी. पुरोहित

प्रधान पंडित

श्री स्वामिनारायण मंदिर, कालुपुर अहमदावाद एक

## मंगल कार्यक्रम

**॥ तिलक विधि ॥**

दिनांक :- १६/११/२०२१ मंगलवार

समय - सांय ०४:००

**-: स्थल :-**

श्री स्वामिनारायण मंदिर छपिया,

जिला - गोंडा, उत्तरप्रदेश

**॥ शुभ विवाह ॥**

दिनांक :- २०/११/२०२१, शनिवार

मध्यरात्रि

**-: स्थल :-**

रेवती रीसोर्ट, सेवा अस्पताल के पास,

सीतापुर रोड, लखनउ, उत्तरप्रदेश

**॥ सत्कार समारंभ ॥**

दिनांक :- २८/११/२०२१ रविवार

समय - सांय ०५:०० से ८:००

**-: स्थल :-**

श्री नरनारायण नगर, नारणपुरा,

अहमदावाद

**નોંધ**

સર્વે સત્સંગીઓને જણાવવાનું કે છપૈયાના માંગલિક પ્રસંગો તથા
લખનઉ ખાતેના જાન પ્રસ્થાન પ્રસંગમાં હાજર રહેવાની અનુમતી છે.

# ભક્તિસુધા

**(પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના આશીર્વચનમાંથી) એકાદશી સત્સંગ સભા પ્રસંગે (કાલુપુર મંદિર-હવેલી) "વિનાશી સુખ છોડી અવિનાશી સુખ તરફ પ્રયાણ કરવાનું"**

(સંકલન : કોટક વર્ષા નટવરલાલ - ઘોડાસર)

આપણે આ સત્સંગ કરીએ છીએ ને તો શેના માટે કરીએ છીએ ? તો સુખ માટે કરીએ છીએ. જીવ માત્ર સુખને શોધે છે. બધા જગતમાં જે કાંઈ કરે છે તે સુખ મેળવવા માટે જ કરે છે. દુ:ખ માટે કોઈ કાંઈ કરતું નથી. કોઈ 'આત્મઘાત' કરે છે, તો પણ પોતાની જાતને સમજવા પોતાના દુ:ખને દૂર કરવા માટે કરે છે. પણ આપણી મુશ્કેલી શું છે ? તો આપણને આ સંસારથકી, શરીર થકી, ઈન્દ્રિયોથકી જે સુખ પ્રાપ્ત થાય છે તેને જ આપણે સાચું માનીએ છીએ. આપણને ખ્યાલ જ નથી આવતો કે આ સુખ વિનાશી છે. જગતની વસ્તુઓ જેમ વિનાશી છે તેવી જ રીતે આપણું શરીર અને ઈન્દ્રિયો એ પણ વિનાશી છે. **તો વિનાશી વસ્તુ ક્યારેય અવિનાશી સુખી આપે જ નહિ. માટે આપણે ભ્રમમાં છીએ. કેમ કે ? આપણે સતત વિનાશી વસ્તુમાંથી સુખ મેળવવા માટે પ્રયત્નશીલ છીએ પણ આપણે મગજ શાંત રાખી વિવેકથી એ વિચારવાનું છે કે જે પરિવર્તનશીલ છે. તે સનાતન હોઈ જ ના શકે તો જે છે પણ અને નથી પણ એ ભ્રમમાંથી બહાર નીકળવાનું છે.** આપણી ઈન્દ્રિયો સક્રિય ક્યારેય થાય છે. તો જ્યારે જગતમાં આસક્તિ અને રસ હોય ત્યારે ઈન્દ્રિયો જાગૃત થાય છે. સ્વાદ મળે, જોવાનું, સાંભળવાનું બધું ગમે છે. એ બધું આપણી વિચારશક્તિ ઉપર આધારિત છે. વિચારો શરૂ ક્યારે થાય છે ? તો જ્યારે હુંપણાની અનુભૂતિ થાય છે ત્યારે ઉંઘમાં શાંતિ લાગે છે ને ? કેમ ? તો તમે છો એની અનુભૂતિ નથી હોતી પોતાને પોતાનું ભાન નથી એટલે શાંતિ હોય છે. જાગૃતિ આવે એનો અહેસાસ થાય તેમ તેમ વિચારો આવવાનું ચાલુ થાય છે. એ વિચારોને અનુરૂપ આપણે ક્રિયા કરીએ છીએ કાર્ય કરીએ એ પ્રમાણે ગતિક્રિયા થાય છે. અને જે જોઈએ એ મળી જાય ઈચ્છા પુરી થાય ત્યારે સુખની અનુભૂતિ કરીએ છીએ પણ એ સુખ આગળ જઈને આપણને દુ:ખી કરે છે. કેમ કે ? જે છે એના કરતા વધારે પામવાની લાલસા જાગે છે. પણ દરેક વસ્તુની આડઅસર હોય છે. દવા ખાવાથી રોગ મટે છે. પણ દવાની આડઅસર હોય છે. જળ એ જીવન છે. પણ વધારે પીવાથી તકલીફ થાય છે. ઓછું પીવે તો પણ તકલીફ, બહુ જ ભૂખ લાગી હોય અને ચાર-પાંચ રોટલી ખાઈ ગયા, એ વખતે ભૂખ લાગી હોય એટલે આપણે વિચારતા નથી થોડીવાર પછી ખ્યાલ આવે છે કે વધારે ખવાઈ ગયું એટલે તકલીફ થાય છે. તો જેમ શરીરને જરૂરિયાત પુરતું આપવાનું પરાણે દમન નહિ કરવાનું તેમ દરેક બાબતમાં પ્રમાણ નક્કી કરી જીવનમાં 'સહજતા' કેળવવા પ્રયત્ન કરવાનો. 'સહજતા' બહુ મોટો ગુણ છે. જે અવિનાશી સુખ તરફ આગળ વધવામાં બહુ મદદ કરે છે. **તો બધા દુ:ખનું મૂળ ઈચ્છા છે. ઈચ્છાનું મૂળ અજ્ઞાનતા છે. તો કેવું 'અજ્ઞાન' તો પોતાના સ્વરૂપની અજ્ઞાનતાને કારણે ઈચ્છા ઉભી થાય છે. તો પોતાનું સાચું સ્વરૂપ શું છે ? તો આપણું સાચું સ્વરૂપ 'આત્મા' છે. આપણે પોતે અવિનાશી છીએ.** પરંતુ આપણે આપણા આ શરીરને જ સાચું સ્વરૂપ માની લીધું છે. માટે આપણી દોડ શરીર અને ઈન્દ્રિયો થકી મળતા સુખ પાછળ જ હોય છે. વિષય વાસનાનું ચિંતવન એ મિથ્યાચાર છે. તો જીવનમાં ભગવાન સંબંધી વિચારો રાખવાના. ભગવાનનું ચિંતવન વધારવાનું. તો ધીમે ધીમે આ બધું જ્ઞાન થઈ જશે. એમ જીવનમાં સંયમ રાખીશું તો આપણને આપણા ખરેખર સુખની અનુભૂતિ થશે. અને **એ સુખની અનુભૂતિ આપણને જીવનમાં પવિત્ર અને મહાન બનાવે છે. બંધનમાંથી મુક્તિ અપાવે છે.** બંધનમાંથી મુક્તિ મેળવવા માટે થોડી કઠિનાઈમાંથી પસાર થવું પડશે. કુંભાર માટીનું પાત્ર બનાવવા માટે આરંભ કરે છે

ત્યારે શું કરે છે ? પાણી અને માટી ભેગું કરીને પાત્ર બનાવે છે. પછી એને અગ્નિમાં તપાવવું પડે છે. પાત્ર જેટલા પ્રમાણમાં અગ્નિ સહન કરે છે એટલું મજબૂત થાય છે. તો પાત્ર તૈયાર થવામાં વચ્ચે તપ આવ્યું એવી રીતે આ જીવને પણ ભગવાન સુધી પહોંચવામાં સહન કરવાનું આવે છે. બધી કઠિનાઈમાંથી પસાર થઈશું ત્યારે આપણે આપણા લક્ષ્ય સુધી પહોંચી શકીશું. શાંત દરિયામાં નાવ ચલાવી શકાય પરંતુ બહુ મોજા ઉછળતા હોય અને વિપરીત દિશામાં પણ દોડી લઈએ ત્યારે આપણે 'કુશળ નાવિક' સાબિત થઈએ છીએ. **માટે પરિસ્થિતિથી તો બિલકુલ ગભરાવાનું નહિ. સારુ હોય અને સાચું હોય એ જ જીવનમાં ગ્રહણ કરવાનું. એમ શૂરવીર થઈને ભક્તિ કરવાની.** ભગવાન સિવાય ૧૦૦% સંપૂર્ણ કોઈ છે જ નહિ બધે જ કાળુ અને સફેદ ભેગું જ છે. આપણું મન પણ વાંદરાની જેમ ચંચળ છે. ગૂલાંટ ખવડાવવાનું ભૂલે જ નહિ. તો આપણા મન સાથે અને અંતઃશત્રુઓ સામે લડવા માટે મધમાખી જેવા બનવાનું. મધમાખી માત્ર ફુલ ઉપર જાય છે. બીજી માખી બધે જાય છે. મધમાખીથી બધા બીવે છે કેમ કે એનો સ્વભાવ ડંખ મારવાનો છે. તો બીકના લીધે નજીક ના જઈ શકાય. તો આપણે મધમાખી જેવા થઈશું તો આપણા અંતઃશત્રુ આપણાથી બીશે. આપણે તો કોઈ આપણા વખાણ કરે અને માન મળે એટલે શ્રવણેન્દ્રિયને તૃપ્તિ થાય છે. આપણું સારુ સાંભળવાની ટેવ પડી જાય છે. પછી કોઈ આપણા વિશે ખરાબ એટલે કાંઈ ખોટું બોલી જાય તો આપણો અહમ્ પોષાતો નથી માટે દુઃખ લાગી જાય છે. તો આજે **'હું પણું' છે એ જ છોડવાનું છે. આપણે એમા જ ખોવાયેલા રહીએ છીએ. તો આ બધાથી પર થવાનું છે. આપણે ઈન્દ્રિયો સુખ એ હકીકત છે એમ માની લઈએ છીએ તેને આભાસ કહેવાય છે.** ટી.વી. ઉપર બધા મુવી જુએ છે. એ સાચું નથી પડદા ઉપર આવે છે તો પણ આપણે દુઃખી થઈ જઈએ છીએ અને હસીએ પણ છીએ. હકીકતમાં ત્યાં માત્ર પ્રતિબિંબ છે. મગજના એક ખૂણામાં ખબર પણ છે. ખબર હોવા છતાં બધુ સત્ય માનીને સુખી-દુઃખી થઈએ છીએ એવી જ રીતે દર્પણમાં આપણને આપણું જે પ્રતિબિંબ દેખાય છે. પણ હકીકતમાં આપણે ત્યાં નથી. દર્પણના આધારે આપણને એવો ભ્રમ થાય છે. તેવી રીતે ઈન્દ્રિયો થકી મેં સાંભળ્યું, મેં જોયું એ આપણે માની લઈએ છીએ પરંતુ **ઈન્દ્રિયો જે દેખાડે છે તે સંપૂર્ણ સત્ય નથી, સિમિત સત્ય છે. આપણને આપણું સાચું સ્વરૂપ 'આત્મસ્વરૂપ' ઓળખાશે ત્યારે 'હું પણું' છૂટશે. અને 'હું પણું' છૂટશે ત્યારે આપોઆપ વૈરાગ્ય થઈ જશે. અને જ્યારે સંપૂર્ણ વૈરાગ્ય જીવનમાં આવશે ત્યારે આપણને પરમાત્માના સાચા 'વિતરાગ' સ્વરૂપની ઓળખાણ થશે.** પણ ત્યાં સુધી બહુ ચિંતા કરવાની જરૂર નથી. આપણે સત્સંગ કરીએ છીએ ને તે સાચા રસ્તા પર છીએ પણ સતત જાગૃતિ સાથે આગળ વધવાનું છે. ભગવાનના શરણમાં આપણે જવાનું નથી. આપણે બધા ભગવાનના શરણમાં જ છીએ. **જરૂર છે માત્ર સંપૂર્ણ સમર્પણભાવ જાગૃત કરવાની.** આપણને માયા નહિ નડે કેમ કે ? માયા જેની દાસી છે એના સાચા માલિકના શરણે આપણે છીએ એ શરણ પકડી રાખીશું ને તો આપણને કાંઈ નડવાનું નથી. આપણે મોક્ષની નાવમાં જ બેઠા છીએ. બીજું કાંઈ ન સૂઝે તો પણ એટલું તો ધ્યાન રાખવાનું છે કે આ સત્સંગરુપી નાવને છોડવાની નથી તો ધીમે ધીમે આપણે આપણા લક્ષ્ય સુધી પહોંચી જઈશું.

**પરમ પૂજ્ય લાલજી મહારાજશ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના શુભ લગ્ન તારીખ ૧૬ થી ૨૦ નવેમ્બર-૨૦૨૧ના છપૈયા (યુ.પી.) ખાતે નિરધાર્યા છે. જે હરિભક્તોને લગ્નમાં હાજરી આપવાની ઈચ્છા હોય તેમણે તારીખ ૨૦ ઓક્ટોબર ૨૦૨૧ સુધીમાં નામ લખાવી લેવું.**

**દાસભાઈ : ૯૯૨૫૦ ૪૨૬૮૬**

**જશુભાઈ : ૮૩૨૦૫ ૫૦૨૨૯**

**સંપ્રદાયનું ગૌરવ**

મૂળ વિહાર ગામના શ્રી નરનારાયણદેવના આશ્રિત પ.ભ. સાંકળચંદ ભગવાનદાસ પટેલની સુપુત્રી ચિ. શ્રીજીતા એ ફેબ્રુઆરી-૨૦૨૧ માં ગુજરાત સરકાર દ્વારા લેવાયેલ G.P.S.C. કલાસની પરીક્ષામાં ઉતિર્ણ થઈ ડી.વાય.એસ.પી. ઓફિસર તરીકે પસંદગી થઈ છે. જેમણે આપણા સંપ્રદાય અને વિહાર ગામનું ગૌરવ વધાર્યું છે. પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી તેમની ઉત્તરોત્તર પ્રગતિ માટે અંતઃકરણપૂર્વકના આશીર્વાદ પાઠવે છે.

# સત્સંગ સમાચાર

## શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરમાં જલઝીલણી મહોત્સવ

આપણા શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરમાં શ્રીજી મહારાજના સમયથી દર વર્ષે પરંપરાગત જલઝીલણી એકાદશી સમૈયો ખૂબ ધામધૂમથી ઉજવાય છે. આપણા વેદોક્ત દરેક ધાર્મિક પર્વના પ્રસંગે અમદાવાદ મંદિરનું ઓચ્છવ મંડળ શ્રી નરનારાયણ ભગવાનના સાનિધ્યમાં નંદસંતો રચિત જે તે ઉત્સવના પદોનું ગાન ભૂંગળ ભેરી, મંજીરા અને ઢોલના સુમધુર નાદ સાથે ધામધૂમથી ઓચ્છવ કરતું હોય છે. તા. ૧૭-૯-૨૦૨૧ ના રોજ પ.પૂ. મહારાજશ્રીએ ઉત્સવના ગણપતિ તથા ઠાકોરજીનું પૂજન-આરતી કર્યા પછી એ સમયે દર્શન કરવા પધારેલ તમામ ભક્તજનોને સ્વહસ્તે પેંડાની પ્રસાદી તથા ઓચ્છવ મંડળને શ્રી નરનારાયણદેવનો પ્રસાદીનો ફુલ હાર આપ્યો હતો એટલું જ નહિ સ્વયં ઓચ્છવ મંડળની વચ્ચે બેસીને હાથમાં મંજીરા લઈ ખૂબ ભાવથી વગાડીને ઘણીવાર સુધી ઉત્સવ કરી ઓચ્છવ મંડળનો ઉત્સાહ વધારી ઉત્સવ પ્રિયતાનું દર્શન કરાવ્યું હતું.

આજ રીતે આપણા આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રી પણ સ્વયં રચિત પદો વરઘોડામાં ગાતા. દર્શન કરનાર ભક્તજનો માટે આ દિવ્ય સુખની અનુભૂતિ અવિસ્મરણીય બની રહેશે. આ જ દિવસે વામન દ્વાદશી હોવાથી પૂજારી બ્રહ્મચારી સંતોએ શ્રી નારાયણ ભગવાનનું વામન સ્વરૂપે દર્શન કરાવ્યું હતું.

બપોરે ૧૨ કલાકે શ્રી ગણપતિ તથા ઠાકોરજીના હવેલીમાં પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રીના હસ્તે વધામણા કરાવી મંદિરના ભૂદેવો તથા બ્રહ્મચારી સ્વામી પૂ. મુકુંદાનંદજીએ પાલખીને તીર્થભૂમિ શ્રી નારાયણઘાટ મંદિરના પ્રાંગણમાં સ્ટેજ પર પધરાવી ત્યાં ઉપસ્થિત સૌ ભક્તજનોને દર્શન કરાવ્યું હતું. ઠાકોરજીના નૌકા વિહારનું પણ સૌને સુંદર દર્શન થયું હતું. કાલુપુર મંદિરની સાથે સાથે નારાયણઘાટ, નારણપુરા તથા એપ્રોચ બાપુનગર મંદિરથી પધારેલ ગણપતિનું જે તે મંદિરના પૂ. મહંત સ્વામીએ જે તે મંદિરના યજમાનશ્રીઓ સાથે રહી ઉત્તર પૂજન કરી અંતમાં પવિત્ર જળના કુંડમાં વિસર્જન કર્યું હતું. આ પ્રસંગે જેતલપુર, મૂળી તથા લીંબડીથી પણ સંતો પધાર્યા હતા. કાલુપુર મંદિરના મહંત પૂ. શા. સ્વામી નિર્ગુણદાસજી સહિત દરેક વિદ્વાન સંતોએ પ્રાસંગિક અમૃતવાણીનો લાભ આપ્યો હતો. નારાયણઘાટ મંદિરના મહંત શા. સ્વામી દિવ્યપ્રકાશદાસજીએ ખૂબ સુંદર રીતે સભા સંચાલન કરી જરૂરી તમામ વ્યવસ્થા કરી હતી. પ.પૂ. ગાદીવાળાશ્રીની આજ્ઞાથી પ.પૂ. લાલજી મહારાજશ્રીના વિવાહ નિમિત્તે તા. ૨૦-૧૦-૨૦૨૧ શરદોત્સવમાં રાસોત્સવ માટે સૌને જાહેર આમંત્રણ આપ્યું હતું. (ગોરધનભાઈ વી. સીતાપરા)

## અમદાવાદ મંદિરમાં ૨૦૦ કલાકની અખંડ ધૂન

શ્રી નરનારાયણદેવની પરમકૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા એવમ્ સમગ્ર ધર્મકુળ પરિવારના શુભાશીર્વાદથી અને પૂ. સ.ગુ. મહંત શા. સ્વામી નિર્ગુણદાસજીની પ્રેરણા-માર્ગદર્શનથી શ્રી ચંપકભાઈ વગેરે સમગ્ર કોઠાર સ્ટાફ તેમજ વિપુલભાઈ ઠક્કર દ્વારા થયેલ વ્યવસ્થા નીચે પ.ભ. શ્રી અરવિંદભાઈ આર. દોંગા તથા પુત્ર શાલિનના યજમાનપદે આગામી પર્વ મહામહોત્સવના ઉપલક્ષમાં તા. ૧૮-૯-૨૧ સવારના ૮-૧૫ થી ૨૬-૯-૨૧ સાંજના ૪-૧૫ કલાક પર્યંત અખંડ ૨૦૦ કલાકની શ્રી સ્વામિનારાયણ મહામંત્રની ધૂન થઈ હતી. પ.ભ. રતિભાઈ પટેલ, પ.ભ. દશરથભાઈ પટેલ, પ.ભ. નરસીભાઈ તથા પ્રવિણભાઈ નસિત, પ.ભ. જેરામભાઈ કાનાણી, પ.ભ. શૈલેષભાઈ ભાવસારે ધૂનમાં પધારનારા સંતો-ભક્તોને રસોઈ જમાડવાનો લાભ લીધો હતો.

પ્રસાદીના સભા મંડપમાં પ.પૂ. મોટા મહારાજશ્રીએ ઠાકોરજીની આરતી ઉતારીને ધૂનની શરૂઆત કરાવી હતી.

કાલુપુર મંદિરનું ઓચ્છવ મંડળ, નારાયણઘાટ, કાંકરિયા, ન્યુ રાણીપ, નારણપુરા, હર્ષદ કોલોની, એપ્રોચ (બાપુનગર), કર્મશક્તિ, નિકોલ, ઘાટલોડિયા, આર.સી. ટેકનીકલ, નવા વાડજ, મેમનગર, બોપલ, હીરાવાડી, ઝડેશ્વર, ડીસા, વિરમગામ, દિયોદર, ભાભર, લવારપુર, નાંદોલ, ધમાસણા, લસુન્દ્રા, નરોડા, બાલાસિનોર, ધરમપુર, ડાંગરવા, ટાંકીયા, કાલીયાણા, મારૂસણા, કંજરીકંપા, કોઠંબા, માણસા, વિસનગર, લુણાવાડા, મેળાવ, ચાણસ્મા, કપડવંજ, બાલવા, કલોલ (પંચવટી), પાલનપુર, પાટડી, જરવલ્લા, બામણવા, માંડલ, ઝુંડાલ, ટ્રેંટ, પાટડી, ધોળકા, રાજકોટ, ભુજ આદિક ઘણા દૂર-સુદૂરના મંદિરો - સ્થળોએથી પધારીને યુવક મંડળ તેમજ સત્સંગ સમાજે સંતોના સાનિધ્યમાં ધૂનમાં ભાગ લઈ ધન્યભાગી થયા હતા. યુવક મંડળના ધૂન સાથેના રાસોત્સવથી સભા મંડપ ગાજી ઉઠ્યો હતો. બહેનોએ પણ મોટી સંખ્યામાં હવેલીમાં તેમજ પ્રાંગણમાં બનાવેલા મંડપ નીચે બેસીને ધૂનમાં ભાગ લીધો હતો.

તા. ૨૪-૯-૨૧ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ પીઠ સ્થાન પર બિરાજી ધૂન કરી હતી. તા.

૨૬-૯-૨૧ના રોજ ધૂનના અંતમાં પ.પૂ. લાલજી મહારાજશ્રીએ પધારીને યજમાન પરિવાર તથા ધૂનમાં સહભાગી સૌ ભક્તજનોને રૂડા શુભાશીર્વાદ પાઠવ્યા હતા. (ગોરધનભાઈ વી. સીતાપરા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર એપ્રોચ (બાપુનગર)માં ધાર્મિક-સામાજિક કાર્યક્રમો**

શ્રી નરનારાયણદેવની પરમકૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા એવમ્ સમગ્ર ધર્મકુળ પરિવારના શુભાશીર્વાદથી તથા સ.ગુ. ભંડારી સ્વામી જાનકીવલ્લભદાસજી અને એપ્રોચ મંદિરના બન્ને પૂ. મહંત સ્વામીની પ્રેરણા સહ માર્ગદર્શનથી તા. ૩૦-૮-૨૦૨૧ ના રોજ રાત્રે અઢી કલાક ધૂન, કીર્તન, કથાવાર્તા, આરતી અને ઓચ્છવ સાથે શ્રીકૃષ્ણ જન્માષ્ટમી ઉત્સવ ધામધૂમથી ઉજવાયો હતો.

તા. ૬-૯-૨૧ના રોજ પર્વ મહોત્સવના ઉપલક્ષમાં વહેલી સવારે શ્રીહરિની સ્મૃતિ સાથે શ્રીહરિના ચરણોથી અંકિત પ્રસાદીના સ્થળો ખોખરા ગામ નથુ ભટ્ટના ઘેર છત્રી-ચરણારવિંદ, કાંકરિયા સરોવર તથા કાંકરિયા મંદિરની પદયાત્રા યોજાઈ હતી. જેમાં સંતો સહિત મોટી સંખ્યામાં ભક્તજનો જોડાયા હતા. એપ્રોચ તથા કાંકરિયા બન્ને મંદિરોના પૂ. મહંત સ્વામીએ પ્રસાદી સ્થળનો મહિમા સમજાવ્યો હતો. હવે પછી દરેક મહિનાની અમાસની તિથિએ અમદાવાદના પ્રસાદી સ્થળોની પદયાત્રા ચાલુ રહેશે. આ દિવસે મંદિર તથા અમ. મ્યુ. કોર્પોરેશન ઈન્ડિયા કોલોની વોર્ડ દ્વારા નિઃશુલ્ક કોરોના વેક્સિન કેમ્પ પણ યોજાયો હતો. જેમાં ૨૪૦ થી વધુ રહીશોએ વેક્સિનેશન કરાવ્યું હતું.

તા. ૧૦-૯ થી ૧૭-૯-૨૧ પર્યંત ગણપતિ ઉત્સવ નિમિત્તે ગણપતિનું વિશેષ પૂજન, આરતી, થાળ થયા હતા. તા. ૧૧-૯-૨૧ ના રોજ પર્વના ઉપલક્ષમાં મંદિરમાં થતી અઠવાડિક સભા લોકડાઉન પછી પ્રથમવાર મંદિરની બહાર ઠક્કરનગર વિસ્તારમાં થઈ હતી. જે સભામાં એપ્રોચ, કાલુપુર તથા ગાંધીનગર સે.-૨ થી પધારેલ સંતોએ સત્સંગ પોષણ કર્યું હતું. તા. ૧૪-૯-૨૧ રાધાષ્ટમી પ્રસંગે શ્રી રાધિકાજીના પ્રાગટ્યની આરતી થઈ હતી. (ગોરધનભાઈ વી. સીતાપરા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર હર્ષદ કોલોનીમાં ધૂન તથા ગણપતિ ઉચ્છવ**

શ્રી નરનારાયણદેવની પરમકૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા એવમ્ પ.પૂ. લાલજી મહારાજશ્રીની પ્રેરણાથી, પ.ભ. શ્રી દાસભાઈના માર્ગદર્શનથી પર્વના ઉપલક્ષમાં ૨૦૦ કલાકની ધૂન અંતર્ગત તા. ૨૯-૮, ૫-૯, ૧૨-૯, ૧૯-૯ અને ૨૬-૯-૨૧ ના રોજ અખંડ પાંચ કલાકની ધૂન યશસ્વી યજમાનશ્રીઓના યજમાનપદે સંપન્ન થઈ હતી. જે પૈકી તા. ૫-૯ ની ધૂન યોગીવર્ય સ.ગુ. ગોપાળાનંદ સ્વામીની જન્મભૂમિ ટોરડા મંદિરમાં થઈ હતી.

તા. ૧૦-૯ થી ૧૭-૯-૨૧ પર્યંત ગણપતિ ઉચ્છવ પ.ભ. શ્રી રમણીકભાઈ તથા અશ્વિનભાઈ સરધારાના યજમાનપદે થયો હતો. (ગોરધનભાઈ વી. સીતાપરા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર દ્વારા Seekh ના માધ્યમથી ઉચ્ચ કોટીની જનસેવા તથા પર્વ નિત્ય સત્સંગ કથાના માધ્યમથી ઉત્કૃષ્ટ સત્સંગ સેવા**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રી અદ્યતન ટેકનોલોજીનો સત્સંગ પ્રચાર-પ્રસાર માટે વધુમાં વધુ કેવી રીતે ઉપયોગ થઈ શકે તે માટે સતત પ્રયત્નશીલ રહેતા હોય છે. વર્તમાન કાળે દેશ-વિદેશમાં શિક્ષાપત્રીની મહત્તા સૌને સુંદર રીતે સમજાય અને શ્રીહરિની આજ્ઞાઓનું પાલન કરીને સમાજ વધુને વધુ સુખી થાય તેવા શુભ હેતુથી સ્વયં પ.પૂ. લાલજી મહારાજશ્રી, પૂ. શ્રીરાજા તથા તેઓની સમગ્ર યુવા ટીમે કાલુપુર મંદિર દ્વારા શિક્ષાપત્રી આધારિત જેવા કે ફેંક સાધુ, દારૂ, જુગાર, તંબાકુ, લાંચ રુશ્વત, આવક-ખર્ચ, સ્વચ્છતા, જ્યાં ત્યાં થૂંકવું-ટોઈલેટ, ગાળ-અપશબ્દ, આપઘાત વગેરે વગેરે જાન્યુ. ૨૧ થી શરૂ કરી ઓગસ્ટ-૨૧ સુધીમાં Seekh ટાઈટલ હેઠળ કુલ ૩૫ શોર્ટ ફિલ્મ એપિસોડ રૂપે હિન્દી ભાષામાં વિડિયોઝ બનાવ્યા હતા. દર રવિવારે નવા એપિસોડનું લાઈવ પ્રસારણ ટી.વી. ચેનલ તથા યુ-ટ્યુબના માધ્યમથી થયું હતું. દરેક એપિસોડ ખાસ કરીને યુવા વર્ગને ખૂબ પ્રેરણાદાયી બન્યા છે. કાલુપુર મંદિર દ્વારા બિલકુલ નિઃસ્વાર્થ ભાવે ધર્મકુળની પ્રેરણા અને માર્ગદર્શનથી અવાર-નવાર સમાજ સેવાની આવી સુંદર પ્રવૃત્તિઓ થતી હોય છે. શ્રીહરિના સર્વ જીવ હિતાવહના સંદેશને તાદૃશ્ય કરતી આ પ્રવૃત્તિથી મૂળ સંપ્રદાયના તમામ આશ્રિતો ગૌરવની લાગણી અનુભવે છે. શિક્ષાપત્રી ક્યારેય જુની થતી નથી. તેમ સીખ એપિસોડ પણ ક્યારેય જુના કહેવાય નહી એ ન્યાયે આપણા પરિચિત વ્યક્તિઓના જીવનને વધુ ઉર્ધ્વગામી બનાવવા માટે તેઓને યુ-ટ્યુબ પર Seekh શિર્ષક નીચે વિવિધ એપિસોડ જોવા પ્રેરિત કરી આપણે પણ આ સમાજ સેવાના યજ્ઞમાં સહભાગી બનીએ અને ઈષ્ટદેવ શ્રીહરિને રાજી કરીએ.

આગામી પર્વ મહામહોત્સવના ઉપલક્ષમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળ પરિવારના શુભ આશીર્વાદથી અમદાવાદ દેશના તમામ યુવા વિદ્વાન સંતોએ એપ્રિલ-૨૦૨૧ થી શરૂ કરી શ્રીમદ્ સત્સંગિભૂષણ તેમજ ભક્તચિંતામણી ગ્રંથ આધારિત પર્વ નિત્ય સત્સંગ કથાનો સુમધુર સંગીત સાથે ઓનલાઈન લક્ષ ચેનલ તથા કાલુપુર મંદિરની યુ-ટ્યુબ પર લાભ આપી રહ્યા છે. દરેક સંતના ૧૫ દિવસની કથાના ક્રમ મુજબ હાલ સુધીમાં ૧૬૦ ઉપરાંત ભાગ પ્રસારિત થઈ ચૂક્યા છે. ઘેર બેઠા મોટી

સંખ્યામાં ભક્તજનો કથા શ્રવણ કરી જીવન ધન્ય બનાવી રહ્યા છે. જન્મ-મરણનો ભવ રોગ ટાળવા માટે શ્રી નરનારાયણદેવ પીઠ સ્થાન અમદાવાદ મંદિરના આયોજનથી પ્રસારિત થતી પર્વ નિત્ય સત્સંગ કથા સપરિવાર નિયમપૂર્વક સાંભળીએ અને અન્યને પ્રેરીત કરીએ. કથાના અંતમાં પ્રસારિત થતું શ્રી નરનારાયણ અષ્ટક સાંભળીને તથા સમગ્ર મંદિર સંકુલનું દિવ્ય દર્શન કરીને શ્રીનરનારાયણ ભગવાનની નિષ્ઠા દ્રઢ કરીએ. (ગોરધનભાઈ વી. સીતાપરા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર નારણપુરા દ્વારા ધાર્મિક-સામાજીક પ્રવૃતિઓ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની પરમ કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા નારણપુરા મંદિરના મહંત સ્વામી સ.ગુ. શા. સ્વા. આત્મપ્રકાશદાસજીની પ્રેરણાથી આપણા ''પર્વ'' મહામહોત્સવના ઉપલક્ષમાં પ્રચારપસાર માટે નારણપુરા મંદિરના સંતો શા.સ્વા. પ્રેમસ્વરૂપદાસજી અને સ્વા. અનંતસ્વરૂપદાસજી આદિ સંતો દ્વારા વઢીયાર વિસ્તારના નીચેના ગામોમાં ધાર્મિક અને સામાજીક પ્રવૃત્તિઓ થઈ તેની યાદી.

(૧) સીતાપુર : ૩ દિવસ ગ્રામ સભા, મહામંત્ર લેખન, પધરામણી દ્વારા પર્વનું આમંત્રણ અને વ્યસન મુક્તિ અભિયાન. (૨) વણોદ : ૨ દિવસ ગ્રામ સભા, વૃક્ષારોપણ, મંત્ર લેખન, પર્વનું આમંત્રણ અને ૨૦૦ કલાકની અખંડ ધૂન પ્રારંભ. (૩) કુણપુર : ૨ દિવસ ગ્રામ સભા, વૃક્ષારોપણ, મંત્ર લેખન, ગ્રામ સફાઈ અને વ્યસન મુક્તિ અભિયાન. (૪) શ્રીજીનગર : ૨૦૦ કલાકની ધૂન, ગ્રામ સફાઈ અને સત્સંગ સભા. (૫) નાના ઉભડા : જલઝીલણી એકાદશી નગરયાત્રા, પધરામણી દ્વારા આમંત્રણ, વ્યસનમુક્તિ અભિયાન ૩ દિવસ ગ્રામ સભા. (૬) શેર : ૨ દિવસ ગ્રામ સભા, ૨૦૦ કલાક ધૂન પ્રારંભ, વૃક્ષારોપણ, પધરામણી દ્વારા 'પર્વ'નું આમંત્રણ અને વ્યસનમુક્તિ અભિયાન. (૭) મોટા ઉભડા : ગ્રામ સભા, ૨૦૦ કલાકની ધૂન, મંત્રલેખન, પધરામણી અને વૃક્ષારોપણ. (૮) ટ્રેન્ટ : ગ્રામ સભા, ૨૦૦ કલાકની ધૂન, રૂદ્રયાગ, મહા મંત્રલેખન અને યુવા સભા. (૯) ડેડીયાસણ : ૨ દિવસ ગ્રામ સભા, ૨૦૦ કલાકની ધૂન, વૃક્ષારોપણ, મંત્ર લેખન, વ્યસન મુક્તિ અભિયાન. (૧૦) પાટડી : ગ્રામ સભા, યુવા સભા, મંત્ર લેખન, વૃક્ષારોપણ, બહેનોના મંદિરમાં ૨૦૦ કલાકની ધૂન, વ્યસન મુક્તિ અભિયાન, પધરામણી, પર્વનું આમંત્રણ. (૧૧) બામણવા : ગ્રામ સભા, મંત્ર લેખન, વૃક્ષા રોપણ, ૨૦૦ કલાકની ધૂન, વ્યસન મુક્તિ, પધરામણી, સ્વચ્છતા અભિયાન. (૧૨) જરવલા : ગ્રામ સભા, મંત્ર લેખન, યુવા સભા, પંચદિનાત્મક સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામી રચિત પુરુષોત્તમ પ્રકાશ કથા, પધરામણી, ૨૦૦ કલાકની ધૂન (બન્ને મંદિરોમાં).

**શ્રી સ્વામિનારાયણ મંદિર નારણપુરા દ્વારા ''પર્વ''ના ઉપલક્ષમાં સ્વામિનારાયણ મ્યુઝિયમમાં અખંડ ધૂન**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવના દ્વિશતાબ્દી પર્વ મહામહોત્સવના ઉપલક્ષમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં તા. ૫-૯-૨૧ ને રવિવારના રોજ બપોરના ૧ થી સાંજના ૭ કલાક પર્યન્ત શ્રી સ્વામિનારાયણ મહામંત્રની અખંડ ધૂન અ.નિ. પ.ભ. હિતેન્દ્રભાઈ નારણભાઈ પટેલ, હ. પ.ભ. વેણુગોપાલ, પ.ભ. શ્રી ધીરૂભાઈ નારણભાઈ પટેલ અને પ્રદિપાબેન નારણભાઈ પટેલના યજમાનપદે ધામધૂમથી સંપન્ન થઈ. આખો હોલ સંત-હરિભક્તોથી ખીચોખીચ ભરાઈ ગયો હતો. ધૂનના અંતે પ.પૂ. મોટા મહારાજશ્રી, પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ અ.નિ. પ.ભ. હિતેન્દ્રભાઈના અનેકગુણોને સંભારી તેમની સ્વામિનારાયણ મ્યુઝિયમની સેવાને ખૂબજ બિરદાવીને અંતઃકરણપૂર્વક તેમના પરિવાર ઉપર રાજી થયા હતા. (શા. ધર્મનંદનદાસ - જેતલપુર)

**શ્રી સ્વામિનારાયણ મંદિર નારણપુરા દ્વારા ટોરડા ધામે અખંડ ધૂન**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની પરમ કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા નારણપુરા મંદિરના મહંત સ્વામી પૂ. સ.ગુ. શા. સ્વા. આત્મપ્રકાશદાસજી તથા પૂ. સ.ગુ. શા. સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજીના માર્ગદર્શનથી મૂ.અ.મુ.સ.ગુ. ગોપાળાનંદ સ્વામીની જન્મભૂમિ તીર્થધામ ટોરડા ધામે તા. ૧૨-૯-૨૧ ને રવિવારના રોજ સવારના ૬ થી બપોરના ૧૨ સુધી પર્વ મહામહોત્સવના ઉપલક્ષમાં શ્રી સ્વામિનારાયણ મહામંત્રની અખંડ ધૂન થઈ હતી. જેના યજમાન પ.ભ.શ્રી દશરથભાઈ પ્રહલાદભાઈ પટેલ પરિવાર (જમીયતપુરાવાળા) રહ્યાં હતા. ૧૦ જેટલી બસો અને પ્રાઈવેટ વાહનો દ્વારા ૧૦૦૦ જેટલા હરિભક્તો અને ધામોધામથી પૂજ્ય સંતો પધાર્યા હતા. (પૂર્ણસ્વરૂપ સ્વામી - નારણપુરા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર નારણપુરા દ્વારા ''પર્વ''ના ઉપલક્ષમાં મૂળીધામે અખંડ ધૂન**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની પરમ કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા નારણપુરા મંદિરના મહંત સ્વામી પૂ. સ.ગુ. શા. સ્વા. આત્મપ્રકાશદાસજી તથા પૂ. સ.ગુ. શા. સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજીના માર્ગદર્શનથી આપણા શ્રી નરનારાયણદેવ ભગવાનના ૨૦૦ માં પર્વ મહામહોત્સવના ઉપલક્ષમાં ઝાલાવાડનું મહાન તીર્થધામ મૂળીધામે પરમકૃપાળુ શ્રીરાધાકૃષ્ણદેવના સાનિધ્યમાં તા.

૨૬-૯-૨૧ રવિવારના રોજ સવારના ૬ થી બપોરના ૧૨ કલાક સુધી અખંડ શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂન ધામધૂમથી થઈ હતી. જેના યજમાન અ.નિ. પ.ભ. લવજીભાઈ ભીમદાસ પટેલ પરિવારના પ.ભ. લાલજીભાઈ લવજીભાઈ પટેલ પરિવાર (દેવપુરાવાળા. અમદાવાદ) રહ્યા હતા. નારણપુરા થી૧૨ બસો અનેક પ્રાઈવેટ વાહનો અને ઝાલાવાડ પ્રદેશના હજારો હરિભક્તો ધૂનમાં જોડાયા હતા. મૂળી મંદિરના મહંત સ્વામી હરિપ્રકાશદાસજી આદિ સંતોએ સુંદર સહયોગ આપ્યો હતો. (કો.સ્વા. પૂર્ણપ્રકાશદાસજી - નારણપુરા)

### શ્રી સ્વામિનારાયણ મંદિર ગામડી પાટોત્સવ

મહાપ્રતાપી સંકલ્પસિધ્ધ કર્તા પરમકૃપાળુ શ્રી રેવતીબળદેવજી હરિકૃષ્ણ મહારાજની પરમકૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા જેતલપુર મંદિરના મહંત સ્વામી પૂ. સ.ગુ. શા. સ્વા. આત્મપ્રકાશદાસજી તથા પૂ. સ.ગુ. શાસ્ત્રી સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિર ગામડી (ભાઈઓ-બહેનોના) નો વાર્ષિક પાટોત્સવ તા. ૧૯-૯-૨૧ રવિવારના રોજ ધામધૂમથી ઉજવાયો.

આ પ્રસંગે સવારે ૮-૦૦ મહાપૂજા, પૂ. સંતો દ્વારા ઠાકોરજીનો અભિષેક અન્નકૂટ થયો હતો. આ પ્રસંગે જેતલપુર, કાંકરિયા, નારણપૂરા, હિંમતનગર આદિ ધામોથી સંતોએ પધારી હરિભક્તોને આશીર્વાદ આપ્યા હતા. પાટોત્સવના યજમાન પ.ભ. અશોકભાઈ શંભુભાઈ પટેલ પરિવાર રહ્યા હતા. તમામ ગામના ભક્તોએ લાભ લઈ ધન્ય બન્યા હતા. (કો. મિતુલભાઈ પટેલ - ગામડી)

### ગામડી શ્રી સ્વામિનારાયણ મંદિરમાં કોરોના કાળમાં અક્ષરનિવાસી હરિભક્તોની યાદમાં ''પર્વ'' નિમિત્તે મહામંત્ર ધૂન

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની પરમ કૃપાથી જેતલપુરધામ નિવાસી મહાપ્રતાપી શ્રી રેવતીજી બળદેવજી હરિકૃષ્ણ મહારાજના ગામડી ગામે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા જેતલપુરના મહંત સ્વામી પૂ. સ.ગુ. શા. સ્વા. આત્મપ્રકાશદાસજી તથા પૂ. સ.ગુ. શા.સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી અને મહંતશ્રી કે.પી. સ્વામીની પ્રેરણા મુજબ શ્રી સ્વામિનારાયણ મંદિર ગામડી ખાતે તા. ૧૨-૯-૨૧ ને રવિવારના સાંજના ૪ થી ૭ પર્યન્ત શ્રી સ્વામિનારાયણ મહામંત્રની અખંડ ધૂન કોરોના કાળમાં અક્ષરનિવાસી હરિભક્તોના આત્મશ્રેયાર્થે ''પર્વ'' મહોત્સવના ઉપલક્ષમાં થઈ હતી. આ પ્રસંગે નારણપુરા, જેતલપુર, કાંકરિયા આદિ મંદિરના પૂજ્ય મહંત સ્વામી અને સંત મંડળે સૌ હરિભક્તોને આશીર્વાદ આપ્યા હતા. (કો. ધર્મનંદન સ્વામી - જેતલપુર)

### શ્રી સ્વામિનારાયણ મંદિર ન્યુ દિલ્હી પાટોત્સવ

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા સ.ગુ. મહંત સ્વામી અનિરૂદ્ધચરણદાસજી ગુરુ કોઠારી સ્વામી કૃષ્ણસેવાદાસજી અને પાર્ષદ ચંદુ ભગત ગુરુ સ.ગુ. સ્વામી બાલકૃષ્ણદાસજી (મૂળી) ની પ્રેરણાથી તેમજ મુંબઈ નિવાસી અ.નિ. પ.ભ. અનંતરાયભાઈ ધોળકિયાના સુપુત્ર પ.ભ. હિમાંશુભાઈ અનંતરાયભાઈ ધોળકિયા તથા તેમના પુત્રી શેઠ હર્ષાબેન પંકજભાઈના યજમાન પદે બાલસ્વરૂપ શ્રી ઘનશ્યામ મહારાજનો પાટોત્સવ તા. ૧૫-૮-૨૧ (શ્રાવણ સુદ-૮ ના બદલે) રવિવારના રોજ ધામધૂમથી ઉજવાયો. ઠાકોરજીનો ષોડશોપચાર અભિષેક, અન્નકૂટ, મહાપૂજા આદિ વિધિવત રીતે થયા હતા. નવા મંહત સ્વામી યોગીચરણ સ્વામી અને અન્ય પધારેલા સંતોએ યજમાન પરિવારને આશીર્વાદ પાઠવ્યા હતા. (પાર્ષદ ચંદુ ભગત - મૂળી)

### શ્રી સ્વામિનારાયણ મંદિર કાલીયાણા ''પર્વ'' મહોત્સવના ઉપલક્ષમાં ૨૦૦ કલાકની ધૂન

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહરાજશ્રીના આશીર્વાદથી તથા જેતલપુર અને નારાયણપુરા મંદિરના મહંતશ્રી પૂ.સ.ગુ. શા. સ્વા. આત્મપ્રકાશદાસજી અને પૂ. સ.ગુ. શા. પી.પી. સ્વામીના માર્ગદર્શનથી વિરમગામ તાલુકાના કાલીયાણા ગામે આપણા ''પર્વ'' મહામહોત્સવના ઉપલક્ષમાં સર્વે ભાઈઓ અને બહેનોએ સાથે મળી કુલ ૨૦૦ કલાકની શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂન કરી હતી. તા. ૨૯-૮-૨૧ ના સાંજે પૂર્ણાહુતિ પ્રસંગે નારણપુરા મંદિરથી પૂ. મહંત શા. સ્વા. આત્મપ્રકાશદાસજી સંત મંડળ સાથે પધારીને ઠાકોરજીની આરતી ઉતારીને સર્વે હરિભક્તોને રૂડા આશીર્વાદ આપ્યા હતા.

### પર્વ મહોત્સવના ઉપલક્ષમાં સાબરમતી (રામનગર) શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ૨૦૦ કલાકની ધૂન

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તેમજ પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના આશીર્વાદથી સાબરમતી શ્રી સ્વામિનારાયણ મંદિરમાં શ્રી નરનારાયણદેવના 'પર્વ' મહોત્સવ નિમિત્તે સમસ્ત મહિલા મંડળની બહેનોએ કુલ ૨૦૦ કલાક શ્રી સ્વામિનારાયણ મહામંત્રની ધૂન કરી હતી. પૂર્ણાહુતિ પ્રસંગે પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી સાથે સાંખ્યયોગી બહેનોએ પધારીને સૌને કૃતાર્થ કર્યા હતા. પ.પૂ. ગાદીવાળાશ્રીએ ઠાકોરજીની આરતી કરી શુભ આશીર્વાદ

આપી ધૂનની પૂર્ણાહુતિ કરી હતી. આ પ્રસંગે ઝુંડાલ, અંબાપુર અને મોટેરાની બહેનોએ પણ દર્શનનો લાભ લીધો. (નયનાબેન પટેલ - સાબરમતી)

**ગાંધીનગર સે-૨૩ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ''પર્વ'' નિમિત્તે ધૂન સપ્તાહ**

વિશ્વના સર્વ પ્રથમ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં બિરાજતા શ્રી નરનારાયણ ભગવાનના દ્વિશતાબ્દી ''પર્વ''ના ઉપલક્ષમાં ગાંધીનગર સે-૨૩ ના આપણા સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદ સહ વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત શ્રાવણ માસમાં શ્રીમદ્ ભાગવત કથા સત્સંગ તથા એકાદશીના સમૂહ મહાપૂજા તેમજ તા. ૩૧-૮-૨૧ થી તા. ૬-૯-૨૧ ધૂન સપ્તાહનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં હરિભક્તોએ ધૂનનો લાભ લીધો હતો. ધૂનની પૂર્ણાહુતિમાં શાસ્ત્રી સ્વામી હરિકેશવદાસજીએ સૌ ભક્તોને ''પર્વ'' મહોત્સવમાં તન, મન, ધનથી સેવા કરી સહભાગી થવા પ્રેરણા આપી હતી. (નારાયણ વી. જાની)

**શ્રી સ્વામિનારાયણ મંદિર હિંમતનગર અને ગામડામાં ''પર્વ'' મહોત્સવના ઉપલક્ષમાં ધૂન-સભા**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા અત્રે મંદિરના મહંત સ્વામી પ્રેમપ્રકાશદાસજીની પ્રેરણાથી આપણા ''પર્વ'' મહામહોત્સવના ઉપલક્ષમાં હિંમતનગર મંદિર દ્વારા અનેક વિધ કાર્યક્રમો કરવામાં આવ્યા છે.

તા. ૪-૮-૨૧ એકાદશીની રાત્રે સંતો દ્વારા સત્સંગ સભામાં સંતોએ 'પર્વ' મહોત્સવની સંપૂર્ણ માહિતી આપી હતી.

ઈલોલ ગામે સંત-હરિભક્તોએ એક કલાક મહામંત્ર ધૂન કરી હતી. તા. ૬-૮-૨૧ના સત્સંગમાં સંતોએ ''પર્વ''ની માહિતી પુરી પાડી હતી. તા. ૧૫-૮-૨૧ ના હિંમતનગર દ્વારા આપણા મંદિરોનો યાત્રા પ્રવાસ કરાયો હતો.

તા. ૧૮-૮-૨૧ થી તા. ૨૦-૮-૨૧ દરમ્યાન પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીની આજ્ઞાથી ત્રિદિવસીય મહિલા કથા સાંખ્યયોગી બહેનોએ કરી હતી. હિંડોળાના પણ અલૌકિક દર્શન સૌને કરાવ્યા હતા. તા. ૩૦-૮-૨૧ થી ૫-૯-૨૧ સુધી પંચદિનાત્મક ભાગવત કથા થઈ હતી. તા. ૪-૯-૨૧ અરોડા ગામે સત્સંગ સભા કરી હતી.

તા. ૫-૯-૨૧ ના રોજ શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં સમૂહ મહાપૂજાનું સુંદર આયોજન કર્યું હતું. કુલ ૫૧ પાટલા દ્વારા હરિભક્તોએ મહાપૂજામાં લાભ લીધો હતો. પ.પૂ. મોટા મહારાજશ્રી સૌને દર્શન આપવા પધાર્યા હતા.

તા. ૧૦-૯-૨૧ ના રોજ શ્રી ગણપતિજીનું પૂજન-આરતી સંત-હરિભક્તોએ કરી હતી. રાધાષ્ટમીના ઘનશ્યામ મહિલા મંડળની બહેનો દ્વારા કીર્તન-ભક્તિ થઈ હતી. (વિપુલ ભગત)

**શ્રી નરનારાયણદેવના ૨૦૦ માં ''પર્વ'' મહોત્સવના ઉપલક્ષમાં ગામો ગામ સત્સંગ પ્રવૃત્તિ**

વિહાર, વજાપુર, ભાણપુર, વિજાપુર, હાથીપુરા, રણછોડપુરા, સાંકાપુરા, જેપુર, ધનસુરા, રામપુરા, બિલોદરા, અમદાવાદના ચાંદલોડિયા, શાહપુર, શિલજ, આર.સી. ટેકનિકલ, ઘાટલોડિયા, નવા ચિલોડા, ગોમતીપુર, આંબાવાડી, પાલડી, જીવરાજપાર્ક, મેમનગર, મણીનગર, હાથીજણ સર્કલ, ન્યુ રાણીપ, માનવ મંદિર, ધરણીધર, બાપુનગર, ખંડેરાવપુરા, અંકુર વૃધ્ધાશ્રમ ટિફિન સેવા, મહાપૂજા, સભા, જનમંગલ પાઠ, અખંડ ધૂન આદિ પ્રવૃત્તિ કાલુપુર મંદિરના પૂજારી સ્વામી કુંજ વિહારીદાસજી અને સંત મંડળ દ્વારા થઈ હતી. (પૂજારી સ્વામી અક્ષરભુવન)

**શ્રી સ્વામિનારાયણ મંદિર લવારપુર**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરના સંતો સ્વામી કેશવચરણદાસજી અને સ્વામી ઘનશ્યામદાસજી ચાતુર્માસમાં કથા કરવા પધાર્યા હતા. ગામના સૌ ભક્તોને કથાવાર્તા સાથે આગામી આપણા પર્વ મહોત્સવમાં સૌને તન, મન અને ધનથી સેવા કરવા ભલામણ કરી હતી. (શ્રી ન.ના.દેવ યુવક મંડળ - લવારપુર)

**શ્રી સ્વામિનારાયણ મંદિર દહેગામ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની પરમ કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી અત્રે દહેગામ ખાતે કાલુપુરના સંત સ્વા. કેશવચરણદાસજી અને સ્વામી ઘનશ્યામદાસજીએ ચાતુર્માસમાં કથા વાર્તા કરીને હરિભક્તોને સુંદર લાભ આપ્યો હતો. સાથે સાથે આપણા પર્વ મહોત્સવની સૌને જાણકારી આપી હતી. દહેગામ મંદિરમાં જન્માષ્ટમીના રાત્રે શ્રી કૃષ્ણ જન્મોત્સવ ધામધૂમથી ઉજવ્યો હતો. (કોઠારીશ્રી દહેગામ)

**પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીની પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિર ગાંધીનગર (સે-૨) દ્વારા પર્વ મહોત્સવના ઉપલક્ષમાં નીચેના ગામોમાં થયેલ સત્સંગ પ્રવૃત્તિઓ**

(૧) તા. ૧૫-૮-૨૧ ગાંધીનગરમાં દેવ સ્વામી અને ધર્મસ્વરૂપ સ્વામી દ્વારા સત્સંગ સભા. (૨) તા. ૧૭-૮-૨૧ આજોલ ગામે શા.પી.પી. સ્વામી અને ધર્મસ્વરૂપ સ્વામી સત્સંગ સભામાં પધાર્યા હતા. (૩) તા. ૧૮-૮-૨૧ ખેરોલ ગામે સત્સંગ સભામાં પી.પી. સ્વામી અને ઘનશ્યામ સ્વામીએ લાભ આપ્યો હતો.. (૪) તા. ૨૧-૮-૨૧ સમૌ ગામે પી.પી. સ્વામી અને શા. રામ સ્વામીએ સત્સંગ સભામાં કથાવાર્તા કરી

હતી. બદપુરા ગામે શા.પી.પી. સ્વામી અને રામ સ્વામી દ્વારા સભા કરવામાં આવી હતી. (૫) તા. ૨૨-૮-૨૧ મુબારકપુરા ગામે શા. પી.પી. સ્વામી, ઘનશ્યામ સ્વામીએ સભામાં કથા વાર્તા કરી હતી. (૬) તા. ૩૦-૮-૨૧ ન્યુ રાણીપ મંદિર પી.પી. સ્વામી અને ધર્મસ્વરૂપ સ્વામીએ કથા વાર્તાનો લાભ આપેલ. (૭) તા. ૩૧-૮-૨૧ મુક્તિધામ ખાતે શા. પી.પી. સ્વામી અને ધર્મસ્વરૂપ સ્વામીએ સત્સંગ સભામાં લાભ આપેલ. (૮) તા. ૨-૯-૨૧ શિલજ ખાતે શા. પી.પી. સ્વામી અને ધર્મસ્વરૂપ સ્વામીએ લાભ આપેલ. (૯) તા. ૩-૯-૨૧ અડાલજ વાવોલ ગામ અને ધરમપુર ગામે પી.પી. સ્વામી અને ધર્મસ્વરૂપ સ્વામી દ્વારા કથા વાર્તા કરવામાં આવી હતી. (૧૦) તા. ૫-૯-૨૧ ખોરજ ગામે પી.પી. સ્વામી અને રામ સ્વામીએ સત્સંગ સભા કરી હતી. (૧૧) તા. ૬-૯-૨૧ મીઠાખળી અમદાવાદ મંદિરમાં પી.પી. સ્વામી, ઘનશ્યામ સ્વામીએ કથા વાર્તા કરી હતી. (૧૨) તા. ૭-૯-૨૧ મહાદેવનગર મંદિરમાં પી.પી. સ્વામી અને ધર્મસ્વરૂપ સ્વામીએ સત્સંગ સભામાં લાભ આપેલ. (૧૩) તા. ૯-૯-૨૧ મેમનગર મંદિરમાં ઉપરોક્ત સંત મંડળે કથા વાર્તાનો લાભ આપેલ. (૧૪) તા. ૧૧-૯-૨૧ બાપુનગર ખાતે પી.પી. સ્વામી અને જનકભાઈએ સત્સંગ સભામાં સુંદર લાભ આપેલ. (દેવ સ્વામી - ગાંધીનગર સે-૨)

**શ્રી સ્વામિનારાયણ મંદિર ગાંધીનગર (સે-૨)**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા સ.ગુ. મહંત શા. પી.પી. સ્વામીની પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણમંદિર ગાંધીનગર (સે-૨) ખાતે તા. ૫-૯-૨૧ ના રોજ સ.ગુ. ગોપાળાનંદ સ્વામી રચિત મહાપૂજાનું આયોજન સંપન્ન થયું હતું. જેમાં ૭૫ જેટલા પરિવારે લાભ લીધો હતો. પ્રિયાંક મહારાજે મહાપૂજા વિધિવત રીતે કરાવી હતી. પૂર્ણાહુતિની આરતી પ્રસંગે મહંત સ્વામી પી.પી. સ્વામી, શા. રામ સ્વામી, દેવ સ્વામી આદિ સંતોએ ઉપસ્થિત રહી સૌને આશીર્વાદ પાઠવ્યા હતા. ઘનશ્યામ સ્વામીના માર્ગદર્શન મુજબ યુવક મંડળે સુંદર વ્યવસ્થા કરી હતી. છેલ્લે સૌને પ્રસાદ જમાડવામાં આવેલ. (બિપીન એમ. પટેલ)

શ્રી નરનારાયણદેવના ૨૦૦માં પર્વ મહોત્સવ નિમિત્તે પરમપૂજ્ય ૧૦૦૮ આચાર્યશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી એવમ્ પર્વ મહોત્સવના અધ્યક્ષ પરમ પૂજ્ય લાલજી મહારાજશ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી અને પરમ પૂજ્ય મોટા મહારાજશ્રીના આશીર્વાદથી શ્રી સ્વામિનારાયણ મંદિર (સે-૨) ગાંધીનગર ખાતે પર્વ મહોત્સવના ઉપલક્ષમાં ગણેશ મહોત્સવ જલઝિલણી એકાદશી મહોત્સવ તા. ૧૦-૯-૨૧ થી ૧૭-૯-૨૧ પર્યંત મહંત સ્વામી પી.પી. સ્વામીના માર્ગદર્શન હેઠળ અને શ્રી રમણભાઈ ગોવિંદભાઈ પટેલ અને મુકેશભાઈ ઈશ્વરભાઈ પટેલ (વાવોલ)ના યજમાન પદે ધામધૂમપૂર્વક ઉજવવામાં આવેલ હતો. દરરોજ સવારે જુદાં જુદાં હરિભક્તો દ્વારા ગણેશ પૂજનનો લાભ લેવામાં આવ્યો હતો. (સાધુ દેવપ્રકાશ સ્વામી)

## મૂળી પ્રદેશના સત્સંગ સમાચાર

**શ્રી સ્વામિનારાયણ મંદિર ધ્રાંગધ્રા (હળવદ રોડ)**

મૂળીધામ નિવાસી શ્રી રાધાકૃષ્ણદેવની પરમકૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીની પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિર, ધ્રાંગધ્રા (હળવદ રોડ) ખાતે ઠાકોરજીને કલાત્મક બારબારણાનો હિંડોળો બનાવી ઝુલાવ્યા હતા. સાંખ્યયોગી કંચનબા આદિ સાંખ્યયોગી બહેનો દ્વારા સત્સંગની સુંદર પ્રવૃત્તિ થાય છે. (અનિલ દુધરેજીયા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર કારોલ**

મૂળીધામ નિવાસી શ્રી રાધાકૃષ્ણદેવની પરમકૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી કારોલ શ્રી સ્વામિનારાયણમંદિરમાં આપણા પર્વ મહોત્સવના ઉપલક્ષમાં સાંજે ૪ થી ૬ શ્રાવણ માસમાં શ્રીમદ્ ભાગવત કથા થઈ હતી. કથા બાદ ધૂન કીર્તન થયા હતા. શ્રીકૃષ્ણ જન્મોત્સવ પણ ઉજવ્યો હતો. ગામના દરેક હરિભક્તોએ લાભ લીધો હતો. (કોઠારીશ્રી નરેન્દ્રભાઈ)

## વિદેશ સત્સંગ સમાચાર

**શ્રી સ્વામિનારાયણ મંદિર સિડની (ઓસ્ટ્રેલીયા)**

પરમકૃપાળુ પરમાત્મા શ્રી સ્વામિનારાયણ ભગવાનની કૃપાથી તથા શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધૂ. ૧૦૦૮ આચાર્ય શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના આશીવાદથી શ્રી સ્વામિનારાયણ મંદિર સિડની બ્લેકટાઉન **ISSO** ખાતે બાળસભાના બાળકોએ શ્રી કૃષ્ણ ભગવાનના જન્મોત્સવ પ્રસંગે સરસ મઝાના બર્થ-ડે કાર્ડ ઘરે રહી ને **online** માધ્યમ થી તૈયાર કર્યા હતા.

**Sydney** માં **Covid -19** ના વધતા **Cases**ના કારણે બે મહિનાથી **Lockdown** ચાલી રહ્યું છે અને આવા સંજોગોમાં મંદિરમાં ભેગા થવું અને જન્માષ્ટમીનો ઉત્સવ કરવો અશક્ય હતું.

પરંતુ બાળસભાના બાળકો, તેમના માતા પિતા તથા શિક્ષકોના સહિયારા પ્રયાસ થી બાળકોએ પોતપોતાના ઘરે રહીને જ પ્રેમ ભર્યા બર્થડે કાર્ડ તૈયાર કરી તેમાં સુંદર મઝાના બર્થડે **Message** લખ્યા હતા.

બાળકોની શ્રીજી મહારાજ પ્રત્યેની લાગણી, પ્રેમ તથા પ્રાર્થના આ કાર્ડમાં જોઈ શકાય છે. રવિવાર સાંજે થતી **online** સભામાં સર્વે બાળકો તથા હરિભક્તોએ આ ઉત્સવ ઉજવ્યો હતો.

**online** કથા દ્વારા **Sydney** ના હરિભક્તોને કથા વાર્તાનો લાભ આપતા જેતલપુરના મહંત શ્રી મોટા પી.પી. સ્વામી તથા ધર્મનંદન સ્વામી એ પણ બાળકો અને સર્વે હરિભક્તોને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. (પ્રિતેશ કેશવ - સીડની)

## અમદાવાદ મંદિરમાં શ્રી ઠાકોરજીને થાળ તથા સંત-વર્ણી પાર્ષદોને રસોઈ આપનારની યાદી

**શ્રાવણ સુદ-૧** અ.નિ. મંજુલાબેન જગદીશભાઈ ચિમનભાઈ પટેલ (ગાંધીનગર), અ.નિ. લાલજી હરજીભાઈ પટેલ (સામત્રા-કચ્છ), પ.ભ. પટેલ રમેશચંદ્ર શામજીભાઈ (નડીયાદ), શ્રીહરિ જ્વેલર્સ (સરસપુર). **શ્રાવણ સુદ-૨** અ.નિ. મંજુલાબેન જગદીશભાઈ ચિમનભાઈ પટેલ (ગાંધીનગર), પ.ભ. રમણીકભાઈ પરસોતમભાઈ કેરીયાચાર, અ.નિ. હિરજી કરશન વરસાણી (સુખપર-કચ્છ). **શ્રાવણ સુદ-૩** અ.નિ. મંજુલાબેન જગદીશભાઈ ચિમનભાઈ પટેલ (ગાંધીનગર), અ.નિ. રાવજીભાઈ ચિમનભાઈ પટેલ (ધમાસણા). **શ્રાવણ સુદ-૪** અ.નિ. મંજુલાબેન જગદીશભાઈ ચિમનભાઈ પટેલ (ગાંધીનગર), પ.ભ. જીતુભાઈ લક્ષ્મીનારાયણ દવે (અમદાવાદ), અ.નિ. દેવકીબેન કેસરાભાઈ ભગત (રવાપર-કચ્છ), પ.ભ. ભીમજીભાઈ પરિવાર (ભુજ-કચ્છ), પ.ભ. રાજેશભાઈ જાદવ (પોરબંદર), પ.ભ. પ્રવિણભાઈ પટેલ (લીંબડી), અ.નિ. મેઘજીભાઈ લાલજીભાઈ વેકરીયા (માંડવી-કચ્છ). **શ્રાવણ સુદ-૫** અ.નિ. મંજુલાબેન જગદીશભાઈ ચિમનભાઈ પટેલ (ગાંધીનગર), અ.નિ. રમેશભાઈ અંબાલાલ પટેલ (ધમાસણા), પ.ભ. યશ્વી વિકીર પટેલ (અમદાવાદ). **શ્રાવણ સુદ-૬** અ.નિ. મંજુલાબેન જગદીશભાઈ ચિમનભાઈ પટેલ (ગાંધીનગર), પ.ભ. પરેશભાઈ દ્વારકાદાસ પટેલ (ઉંઝા), અ.નિ. રામજી પ્રેમજી હિરાણી (માંડવી-કચ્છ), પ.ભ. રમણીકભાઈ કે. પટેલ (રાજપુર), પ.ભ. હિરલ રિતેશ પટેલ (અમદાવાદ). **શ્રાવણ સુદ-૭** અ.નિ. મંજુલાબેન જગદીશભાઈ ચિમનભાઈ પટેલ (ગાંધીનગર), પ.ભ. પટેલ કેશવલાલ હરગોવનદાસ પટેલ (મોટેરા), પ.ભ. બિહોલા ચંદુજી પ્રતાપજી (પાલજ), ડૉ. ખુશ કલ્પેશભાઈ પટેલ (જમીયતપુરા), પ.ભ. ઘનશ્યામભાઈ ગજ્જર (અમદાવાદ), અ.નિ. ઠાકોરભાઈ નટવરલાલ ઝિંઝુવાડિયા (અમદાવાદ), પ.ભ. ભાવસાર મિતેષભાઈ હસમુખભાઈ (અમદાવાદ), પ.ભ. પટેલ રાજેશભાઈ ધનજીભાઈ (નરોડા), અ.નિ. ધનશ્યામભાઈ ચિનુભાઈ (અમદાવાદ), પ.ભ. ગીરીશચંદ્ર શ્રીવાસ્તવ (અમદાવાદ), પ.ભ. મકાણી મંગલાબેન શાંતિલાલ (રાણપુર), ગ.સ્વ. ગુણવંતીબેન ઈશ્વરલાલ (અમદાવાદ), અ.નિ. વેલજીભાઈ ટપુભાઈ ટાંક (જીરાગઢ). **શ્રાવણ સુદ-૮/૯** અ.નિ. મંજુલાબેન જગદીશભાઈ ચિમનભાઈ પટેલ (ગાંધીનગર), અ.નિ. કિશોરભાઈ લાલજીભાઈ કેરાઈ (મિરજાપુર-કચ્છ), અ.નિ. પટેલ ગોકળદાસ ગોબરદાસ (બાયડ), પ.ભ. પટેલ શારદાબેન જયંતીભાઈ (પોર-ગાંધીનગર), અ.નિ. સુમનભાઈ રાવજીભાઈ પટેલ (પોર-ગાંધીનગર), અ.નિ. ધનબાઈ વિશ્રામ ગાજપરીયા (પીયાવા-માંડવી-કચ્છ). **શ્રાવણ સુદ-૧૦** અ.નિ. મંજુલાબેન જગદીશભાઈ ચિમનભાઈ પટેલ (ગાંધીનગર), પ.ભ. કાશીબેન કેશવલાલ પટેલ (ઉનાવા), પ.ભ. શાંતિલાલ પરસોતમભાઈ (રાણીયા), અ.નિ. વિમળાબેન કચરાભાઈ પટેલ (કણભા), પ.ભ. ચૌહાણ અમરીષ સૂર્યકાંત (મુંબઈ). **શ્રાવણ સુદ-૧૧** અ.નિ. મંજુલાબેન જગદીશભાઈ ચિમનભાઈ પટેલ (ગાંધીનગર), પ.ભ. શાંતાબેન શિવરામભાઈ પટેલ (પાટણ), અ.નિ. વિઠ્ઠલદાસ પ્રેમચંદ ભાવસાર (અમદાવાદ), શ્રી ધર્મદેવ અનિલકુમાર દેસાઈ (અમદાવાદ), પ.ભ. નટવરભાઈ ચિમનભાઈ પટેલ (ઝુંડાલ), પ.ભ. વૈભવીબેન મયંકભાઈ કામદાર (પોરબંદર), પ.ભ. ઝાલા રણજીતસિંહ જવાનસિંહ (સીતાપુર), સહજાનંદ કન્સ્ટ્રકશન કું. માવજીભાઈ (કચ્છ). **શ્રાવણ સુદ-૧૨** અ.નિ. મંજુલાબેન જગદીશભાઈ ચિમનભાઈ પટેલ (ગાંધીનગર), પ.ભ. લાલજી કરશન હિરાણી (મેઘપર-કચ્છ), પ.ભ. પટેલ જગદીશભાઈ ચિમનભાઈ (ગાંધીનગર), પ.ભ. કાશીબેન કેશવલાલ (ઉનાવા), પ.ભ. પટેલ રમાબેન (નરોડા), પ.ભ. દર્શનભાઈ એમ. પાઠક (અમદાવાદ), અ.નિ. અંબાબેન ધરમશીભાઈ સીટા (સુરત), પ.ભ. ધર્મ બિંદેશ પટેલ, કિયન બિંદેશ પટેલ (ગાંધીનગર), પ.ભ. અરવિંદભાઈ માવજીભાઈ વેકરીયા (મિરજાપર-કચ્છ), અ.નિ. ગીરીશભાઈ રાવજીભાઈ (અમદાવાદ), પ.ભ. ગીતાબેન નવીનભાઈ (સાબરમતી). **શ્રાવણ સુદ-૧૩** અ.નિ. મંજુલાબેન જગદીશભાઈ ચિમનભાઈ પટેલ (ગાંધીનગર), પ.ભ. જીતભાઈ પૂજારા (અમદાવાદ), પ.ભ. હિરાલાલ કાનજી ડબાસીયા (મિરજાપર-કચ્છ), પ.ભ. ગજ્જર વર્ષાબેન મનોજભાઈ (પ્રાંતિજ), પ.ભ. પટેલ જયેશભાઈ રણછોડભાઈ (સંતરામપુર), પ.ભ. ગોમતીબેન રણછોડભાઈ (રાણીપ), અ.નિ. વિશ્રામ કરશન વેકરીયા (માંડવી-કચ્છ), અ.નિ. મેઘજી લાલજી વેકરીયા (માંડવી-કચ્છ), સ.ગુ. સ્વામી ભગવતજીવનદાસજી (જૂનાગઢ). **શ્રાવણ સુદ-૧૪** અ.નિ. મંજુલાબેન જગદીશભાઈ ચિમનભાઈ પટેલ (ગાંધીનગર), પ.ભ. નંદુભાઈ નારણભાઈ પટેલ (ઉનાવા), પ.ભ. જોઈતારામભાઈ રાયચંદદાસ પટેલ (ભાઉપુરા), અ.નિ. અરૂણસિંહ ચંદુજી ખેર (સોજા), અ.નિ. જયંતિલાલ નટવરલાલ સોની (નારણપુરા), અ.નિ. વિશ્રામ કરશન વેકરીયા (માંડવી-કચ્છ), અ.નિ. વિશ્રામ કરશન વેકરીયા (માંડવી-કચ્છ), પભ. વિજયભાઈ ઘનશ્યામભાઈ પટેલ (ગોધરા), પ.ભ. પટેલ વિષ્ણુભાઈ ઈશ્વરદાસ (કરજીસણ), પ.ભ. ગંગાબેન અંબાલાલ પટેલ (ગાંધીનગર). **શ્રાવણ સુદ-૧૫** અ.નિ. મંજુલાબેન જગદીશભાઈ ચિમનભાઈ પટેલ (ગાંધીનગર), પ.ભ. કેની પ્રતિકભાઈ પટેલ (અમદાવાદ), અ.નિ. રતનબેન લાલજી વેકરીયા (માંડવી-કચ્છ), અ.નિ. મેઘજી લાલજી વેકરીયા (માંડવી-કચ્છ), પ.ભ. લાલજી મનજી ગાજપરીયા (માંડવી-કચ્છ), પ.ભ. પટેલ શશીકાંતભાઈ કાલીદાસ (અમદાવાદ), અ.નિ. શાંતિલાલ ખીમજીભાઈ ચૌહાણ (નડીયાદ).

**શ્રાવણ વદ-૧** અ.નિ. મંજુલાબેન જગદીશભાઈ ચિમનભાઈ પટેલ (ગાંધીનગર), અ.નિ. ભીખાભાઈ ગેલાણી (સુરત), પ.ભ. પટેલ સંધ્યાબેન દિપકકુમાર (ઉંઝા), અ.નિ. મેઘજી લાલજી વેકરીયા (માંડવી-કચ્છ), અ.નિ. મેઘજી લાલજી વેકરીયા (માંડવી-કચ્છ), પ.ભ. જસુબેન મનજી ખેતાણી (ફોટડી-કચ્છ). **શ્રાવણ વદ-૨** અ.નિ. મંજુલાબેન જગદીશભાઈ ચિમનભાઈ પટેલ

(ગાંધીનગર), અ.નિ. કાળા હસમુખ જાદવા (રામપર-કચ્છ). **શ્રાવણ વદ-૩** અ.નિ. મંજુલાબેન જગદીશભાઈ ચિમનભાઈ પટેલ (ગાંધીનગર), અ.નિ. વાલબાઈ કાનબાઈ કેરાઈ (માંડવી-કચ્છ), પ.ભ. સુરેશભાઈ પરસોતમદાસ (ઉંઝા), પ.ભ. બળદેવભાઈ પટેલ (દેઉસણા), પ.ભ. પટેલ શારદાબેન નટવરભાઈ (વાવોલ), અ.નિ.સ.ગુ. શા. સ્વામી ભક્તિવલ્લભદાસજી ગુરુ સ.ગુ. સ્વા. કૃષ્ણચરણદાસજી (જેતલપુર). **શ્રાવણ વદ-૪** અ.નિ. મંજુલાબેન જગદીશભાઈ ચિમનભાઈ પટેલ (ગાંધીનગર), અ.નિ. પટેલ ગંગારામભાઈ મહાદેવભાઈ (મેમનગર), અ.નિ. ખીમજીભાઈ માવજીભાઈ ચૌહાણ (નડીયાદ), પ.ભ. પટેલ કેતનભાઈ દશરથભાઈ (અમેરિકા). **શ્રાવણ વદ-૫** અ.નિ. મંજુલાબેન જગદીશભાઈ ચિમનભાઈ પટેલ (ગાંધીનગર), પ.ભ. જીતેન્દ્ર મોહનલાલ વરસાણી (ભારાસર-કચ્છ), અ.નિ. ધનબાઈ વેલજીભાઈ ભુડીયા (સુખપર-કચ્છ). **શ્રાવણ વદ-૬** અ.નિ. મંજુલાબેન જગદીશભાઈ ચિમનભાઈ પટેલ (ગાંધીનગર), અ.નિ. સ.ગુ.શા. સ્વા. ભક્તિવલ્લભદાસજી (કાલુપુર), પ.ભ. રવિન્દ્ર જૈનકુમાર કવિ (અમદાવાદ). **શ્રાવણ વદ-૭** અ.નિ. મંજુલાબેન જગદીશભાઈ ચિમનભાઈ પટેલ (ગાંધીનગર), કુંદનબા વસંતરાય જગડા (અમદાવાદ), અ.નિ. પટેલ જેશંગભાઈ કસનાભાઈ (બાયડ), પ.ભ. મગનભાઈ મોહનભાઈ વેકરીયા (અમદાવાદ), પ.ભ. મહેન્દ્રભાઈ પાટડીયા (રાજકોટ), અ.નિ. કિશનભાઈ મોદી (નરોડા), પ.ભ. ચૌધરી મણીબેન વેલાભાઈ તથા ચૌધરી રમીલાબેન (બાપુપુરા). **શ્રાવણ વદ-૮** અ.નિ. મંજુલાબેન જગદીશભાઈ ચિમનભાઈ પટેલ (ગાંધીનગર), પ.ભ. પટેલ પલ્લવીબેન પરેશકુમાર (અમદાવાદ), પ.ભ. રૂદ્ર આશિષભાઈ ભાવસાર (સરસપુર). **શ્રાવણ વદ-૯** અ.નિ. મંજુલાબેન જગદીશભાઈ ચિમનભાઈ પટેલ (ગાંધીનગર), પ.ભ. શિતલબેન યોગીકુમાર વિષ્ણુલાલ (કડી), પ.ભ. પ્રેમજીભાઈ કાનજીભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. પટેલ સૂર્યાબેન ભરતકુમાર (રાણીપ), ડૉ. રૂષિરાજ દેવેન્દ્રભાઈ ડોડીયા (બોપલ), અ.નિ. મુકેશભાઈ કાનભાઈ (મોખાસણ), પ.ભ. પથાભાઈ મલુભાઈ મોરી (કાલીયાણા), પ.ભ. આરવ મેહુલકુમાર શિયાણી (સુરત), પ.ભ. મંગળાબેન ચંદુલાલ પટેલ (સોજા), પ.ભ. રસિકભાઈ ફુલાભાઈ પટેલ (કપડવંજ), પ.ભ. વિજયભાઈ ઈશ્વરભાઈ, પુષ્પાબેન (કુબડથલ), પ.ભ. પટેલ જયાબેન ત્રિભોવનભાઈ (લખતર), પ.ભ. શાંતાબેન હરિભાઈ (પોર), અ.નિ. જસવંતલાલ કાલીદાસ ઝવેરી (રાજકોટ), પ.ભ. પટેલ સકરીબેન સાંકળચંદરામદાસ પટેલ (મારૂસણા). **શ્રાવણ વદ-૧૦** અ.નિ. મંજુલાબેન જગદીશભાઈ ચિમનભાઈ પટેલ (ગાંધીનગર), પ.ભ. આધ્યાબેન કેયુરભાઈ કોટડીયા (અમદાવાદ). **શ્રાવણ વદ-૧૦** અ.નિ. મંજુલાબેન જગદીશભાઈ ચિમનભાઈ પટેલ (ગાંધીનગર), અ.નિ. વિશ્રામભાઈ અરજણ હિરાણી (સરલી-કચ્છ). **શ્રાવણ વદ-૧૧** અ.નિ. મંજુલાબેન જગદીશભાઈ ચિમનભાઈ પટેલ (ગાંધીનગર), અ.નિ. સુરેશભાઈ હરિભાઈ પટેલ (ઉંઝા), પ.ભ. રિધ્ધિ આવિશ ભાવસાર (સરસપુર). **શ્રાવણ વદ-૧૨** અ.નિ. મંજુલાબેન જગદીશભાઈ ચિમનભાઈ પટેલ (ગાંધીનગર), અ.નિ. ભરતકુમાર શંભુદાસ ગજ્જર (અમદાવાદ), પ.ભ. રાકેશભાઈ ચિમનભાઈ પટેલ (બાયડ), પ.ભ. હસમુખભાઈ કેશવલાલ પટેલ, પ.ભ. શર્મિષ્ઠાબેન નીલકંઠભાઈ પટેલ (વડોદરા), પ.ભ. ડાહ્યાભાઈ નારણભાઈ પટેલ (માણસા), પ.ભ. પટેલ જગદીશભાઈ ચિમનભાઈ પટેલ (ગાંધીનગર), પ.ભ. ધર્મ બિંદેશભાઈ પટેલ તથા કિયાન બિંદેશભાઈ પટેલ (ગાંધીનગર), અ.નિ. ભરતભાઈ જગજીવનદાસ ગજ્જર (અમદાવાદ), પ.ભ. કાનબાઈ જીણા નારણ ગોરસીયા (સુખપર-કચ્છ), અ.નિ. જમનાબેન પરસોતમભાઈ પટેલ (જાનવડ). **શ્રાવણ વદ-૧૩** અ.નિ. મંજુલાબેન જગદીશભાઈ ચિમનભાઈ પટેલ (ગાંધીનગર), અ.નિ. નર્મદાબેન કાનજીભાઈ પટેલ (ગવાડા), પ.ભ. હિરાબેન શકરભાઈ પટેલ (ડિંગુચા), પ.ભ. મુકેશભાઈ ઈશ્વરભાઈ પટેલ (વાવોલ), પ.ભ. પટેલ શકરીબેન કનૈયાલાલ (મારૂસણા), પ.ભ. જયંતિભાઈ મથુરદાસ પટેલ (વડુ), પ.ભ. શાંતાબેન ભાઈલાલભાઈ પટેલ (સાબરમતી), પ.ભ. સતીષભાઈ કાંતિલાલ (સરસાવ), પ.ભ. બાબુલાલ મણીલાલ પટેલ (વડુ), શ્રી નરનારાયણદેવ યુવક મંડળ (ઝુંડાલ), પ.ભ. પટેલ પિયુષ રામાભાઈ (સૂકાટીંબા), પ.ભ. કાંતાબેન જીવણલાલ (અમદાવાદ), અ.નિ. લક્ષ્મીબેન લાલજીભાઈ (સુરજ), અ.નિ. કંકુબેન મણીલાલ મોતીભાઈ પટેલ (માલવણ), પ.ભ. માણેકલાલ કે. પટેલ (અમદાવાદ), અ.નિ. શંભુભાઈ ભીખાભાઈ ત્રામસીયા (અમદાવાદ). **શ્રાવણ વદ-૧૪** અ.નિ. મંજુલાબેન જગદીશભાઈ ચિમનભાઈ પટેલ (ગાંધીનગર), અ.નિ. પરેશકુમાર ડાહ્યાલાલ પટેલ (અમદાવાદ), અ.નિ. શારદાબેન ભલાભાઈ પટેલ (પોર), પ.ભ. કનુભાઈ સોમદાસ પટેલ (કરજીસણ), અ.નિ. મેઘજી લક્ષ્મણ હિરાણી (પીયાવા માંડવી-કચ્છ), અ.નિ. મેઘજી લક્ષ્મણ હિરાણી (પીયાવા માંડવી-કચ્છ), અ.નિ. મેઘજી લક્ષ્મણ હિરાણી (પીયાવા માંડવી-કચ્છ), અ.નિ. નાથા શામજી વેકરીયા (પીયાવા માંડવી-કચ્છ), અ.નિ. પ્રેમબાઈ પ્રેમજી હિરાણી (પીયાવા માંડવી-કચ્છ), અ.નિ. વિમળાબેન સુરેશભાઈ વઘાસીયા (સુરત), પ.ભ. પટેલ વિકાશકુમાર જયંતીભાઈ (સાચોદર). **શ્રાવણ વદ-૩૦** અ.નિ. મંજુલાબેન જગદીશભાઈ ચિમનભાઈ પટેલ (ગાંધીનગર), પ.ભ. આશિષભાઈ ત્રિવેદી (હૈદ્રાબાદ), અ.નિ. ધનલક્ષ્મીબેન માણેકલાલ ભાવસાર (સરસપુર), અ.નિ. પટેલ ભીખીબેન રણછોડભાઈ (આકરૂંદ), અ.નિ. હિરાભાઈ લવજીભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. કુંદન પ્રકાશભાઈ મોદી (અડાલજ), પ.ભ. હિરાણી અરજણ નારાયણ (માંડવી-કચ્છ), પ.ભ. પુરુષોત્તમ વેલજી રાબડીયા (સુખપર-કચ્છ).

**સંપાદક, મુદ્રક અને પ્રકાશક :** મહંત શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી દ્વારા શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદ માટે શ્રી સ્વામિનારાયણ પ્રિન્ટીંગ પ્રેસ, શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ. (ગુજરાત) પીન કોડ-૩૮૦ ૦૦૧ ખાતે છાપ્યું અને શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ (ગુજરાત) પીન કોડ-૩૮૦૦૦૧ વતી પ્રકાશિત કર્યું.







કલોલ - પંચવટીમાં પર્વ નિમિત્તે કથામાં આશીર્વચન આપતા અને વૃક્ષારોપણ કરતા પ.પૂ. લાલજી મહારાજશ્રી



શ્રી સ્વામિનારાયણ મંદિર છપિયામાં નિર્માણાધિન સંકુલના કામનું નિરીક્ષણ અને
માર્ગદર્શન આપતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી

Registered under RNI la - GUJ GUJ/2007/20221 " Permitted to post at Ahd. PSO on 11 the every month under postal REG. No. GAMC. 003 / 2021 - 2023 Valid up to 31-12-2023 issued by the SSPO's License to post without Prepayment No. PMG/NG/028/2021/2023 Valid up to 31-12-2023



નવા નિયુક્ત મુખ્યમંત્રી ધર્મકુળના નિવાસ સ્થાને શુભેચ્છા મુલાકાતે



જન્માષ્ટમીની એકાદશીએ રાજભોગ પ્રસાદ વિતરણ કરતાં પ.પૂ.આચાર્ય મહારાજશ્રી




શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના દેશ-વિદેશના હરિભક્તોના આગ્રહ અને સરળતા માટે ઓનલાઈન ડોનેશન કાલુપુર મંદિરની ઓફિશીયલ વેબસાઈટ પર નીચે આપેલ લીંક દ્વારા કરી શકાશે.

htpp://www.swaminarayan.in/donation

Praful Kharsani